ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

૧ ઑક્ટોબર ૨૦૧૬ | અંક ૧૯ | સ્થાપના : ૧૯૬૮ | પાક્ષિક | પૃ. ૨૦ | કિં. રૂ. ૬/-

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2015-2017 valid upto 31st December-2017 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

## અનુક્રમ


- **પ્રકાશ ન. શાહ**
  સદ્‌ગત રમેશચંદ્ર પરમાર ૨
- **રમેશ બી. શાહ**
  નવી આર્થિક નીતિ-૧ ૩
- **સુદર્શન આયંગાર**
  અંગત વ્યવહાર અને જાહેરજીવન ૪
- **જયંત દિવાણ**
  જનતાને શોષણમુક્ત કરવા... ૫
- **વાસુદેવ વોરા**
  પૂર અને દુકાળ : ખુદનાં પાણીનો સવાલ? ૮
- **ભરત મહેતા**
  સમૂહ-માધ્યમોનો રાષ્ટ્રવાદ ૯
- **પ્રવીણ પંડ્યા**
  ભેલાણ ૧૦
- **રાજેન્દ્ર પટેલ**
  ચાર અ-કાવ્યો ૧૨
- **અંબાલાલ ઉપાધ્યાય**
  જમીન-સુધારણાના કાનૂને કિસાનને... ૧૩
- **યોગેન્દ્ર પારેખ**
  'મારે નહોતું ભણવું' ૧૪
- **મુસાફિર પાલનપુરી**
  ભણતર ૧૫
- **મહેન્દ્ર વાળા**
  અમૃત મકવાણા એક માત્ર! ૧૬
- **રવીન્દ્ર ન. વેપારી**
  દલિતો પરના અત્યાચાર ૧૭
- **યૉસેફ મેકવાન**/આપણા કેન્દ્રમાં ૧૭
- **ગૌરાંગ જાની**/અમે દિવ્યાંગ ૧૮
- **હિમાંશી શેલત**
  'ના' કેમ કહી? ૨૦

**વાચકો લખે છે...**

- **શરીફા વીજળીવાળા**/હવે તો મૌલાનાને... ૧૩
- **જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ**/રાજકીય ઘૂરકાઘૂરકી ૧૬
- **જયંત દિવાણ**/ સંગ્રાહ્ય અંકો ૧૮
- **દિલીપ ચંદુલાલ**/ ગોમાત્રિ અને દર્શક ૧૮



- **'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**
- લવાજમ:
  વાર્ષિક રૂ. ૨૦૦/-, આજીવન : રૂ. ૨૦૦૦/- (દેશમાં)
  વાર્ષિક રૂ. ૨૫૦૦/-, આજીવન રૂ. ૨૫૦૦૦/- (વિદેશમાં)
- વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪ને સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે.
- આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ અગર ચેકથી મોકલવા.
- સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)
- બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com


**તંત્રી : પ્રકાશ ન. શાહ**
E-mail : editor.nireekshak@gmail.com
**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
**પરામર્શક : નિરંજન ભગત**

## યુદ્ધસ્વ, ખરેખર?

**આઈએફએસ** અફસર ઈનામ ગંભીરની શરીફભેદી આલા રજૂઆત હો કે જેમને મોડે મોડે પણ ભૂમિકાની તક મળવા લાગી છે તે વિદેશમંત્રી સુષમા સ્વરાજની યુએન અવલ દરજ્જાની તકરીર, આજની તારીખે ભારતની પાકિસ્તાન નીતિનો સ્પષ્ટ નિર્દેશ બેલાશક ભાજપની કોઝીકોડે બેઠકમાં વડાપ્રધાને કરેલી રજૂઆતથી જ મળી રહે છે એમ માનવામાં હરકત નથી. અમે 'સૉફ્ટવેર'ની નિકાસ કરીએ છીએ, તમે 'ટેરર'ની કરો છો — આ તરજ પર એમને પ્રિય વર્ણસગાઈ અને પ્રાસસગાઈ વાટે બાગેબહાર વ્યક્ત થયા પછી અને છતાં તેઓ જ્યાં આવીને ઠર્યા છે એ મુદ્દો, જો આપણે લડવું જ હોય તો ચાલો ગરીબી સામે લડીએ તે છે. દેખીતી રીતે જ સત્તાપક્ષના નિર્બળ નેતૃત્વ ને નમાલી નીતિને આગળ કરીને એક વિપક્ષ તરીકે ભાજપે હમણાં લગી (મે ૨૦૧૪ લગી) જે પણ કહ્યું કર્યું હોય, જ્યારે પોતે સત્તારૂઢ છે ત્યારે પણ વાસ્તવિક યુદ્ધ ટાળવાની જરૂરત એ સ્વીકારે છે.

નમોની કોઝીકોડે મુદ્રામાં એમના ચાહકો એક નવી પ્રૌઢિનાં દર્શન કરી શકે કે પછી વીરનાયકનું સઘળું શૌર્ય ચૂંટણીપ્રચારની ભાષણભૂમિમાં વીરગતિને વર્યાનો વિલાપ કરી શકે. તવલીન સિંહ સરખાં કટારલેખિકાએ હવે આ પ્રશ્નનું સ્વરૂપ 'ટેરર' સાથે કામ પાડવાનું નહીં પણ પ્રત્યક્ષ 'વૉર'ને તબક્કે છે એમ કહી વ્યાપક લાગણીને વાચા આપ્યા પછી પણ જે રીતે સાર્કમાં જવાનું ટાળીને વડાપ્રધાને પાકિસ્તાનને બિનલશ્કરી રાહે જવાબ આપવાપણું જોયું છે અગર તો સિંધુ જળ સંધિ પરત્વે પુનર્વિચારની કવાયત વાટે જ્ઞાનતંતુઓનું યુદ્ધ છેડવાપણું જોયું છે તે સૂચવે છે કે યુદ્ધ એમના એજન્ડા પર હમણાં અગ્રતાક્રમે નથી.

મુદ્દે, બાંગલાદેશ-અને-ઈંદિરા-ઘટના બાદ કરીએ તો છેલ્લા ચારપાંચ દાયકામાં કોઈ તત્કાળ પ્રતિપ્રહાર વાસ્તે ઉત્સ્ફૂર્ત, ઉદ્યત લશ્કરી સજ્જતા લગી એનડીએ યુપીએ કાર્યકાળમાં આપણે પહોંચ્યા જ નથી. ૨૦૦૧ની સંસદ પરની આતંકી ઘટના, ૨૦૦૮ની મુંબઈ ઘટના, ૨૦૧૬ની ઉરી ઘટના : બધો વખત જળથળઅંબર લશ્કરી વડાઓએ 'સ્વિફ્ટ ઍક્શન'ના શાસકીય પ્રતિસાદ બાબતે સાનુકૂળ જવાબ નથી વાળ્યો એ હકીકત છે. ૨૦૦૧માં જે જે ઘટ અને તૂટ લશ્કરશાહોએ સામગ્રી બાબતે ગણાવી હતી, એ જ ૨૦૦૮માં અને ૨૦૧૬માં બરકરાર છે. સાડા ચાર દાયકા પરની બાંગલા ઘટનામાં સેનાપતિ માણેકશાએ લશ્કરી કારવાઈ વાસ્તે મુદત માગી અને તે ધોરણે ધાર્યો જવાબ આપ્યો એ ઇતિહાસ વસ્તુ છે.

ભાજપ શ્રેષ્ઠીઓ પૈકી સવિશેષ સંઘનીમ્યા રામ માધવ 'એક દાંત સાટે જડબું આખું' સરખી ઉક્તિથી સ્ટુડિયોભૂમિમાં સમશેર વીંઝે કે 'ઑર્ગેનાઇઝર'ના પૂર્વતંત્રી શેષાદ્રિ ચારી ૨૦૧૭માં પાકિસ્તાન નહીં હોય એવું તબિયતથી કહે પણ હમણાં જોવા મળતું વાસ્તવચિત્ર કોઝીકોડેમાં સઘળી ગાજવીજ પછી અને છતાં નમોએ ગરીબી સામેના જંગનું જે આવાહન કર્યું તે છે, એટલે કે આરપારની લડાઈ ચૂંટણીજંગનો મુદ્દો હશે તો હશે. અમદાવાદના કવિક્લબલમાં કૃષ્ણ દવે હોઈ શકે — કેટલા મરવાના બાકી છે,

દેખેંગે, સાચેંગે, લડેંગે, આરપાર... સાંભળીને પબ્લિક પણ થાકી ગૈ છે — પણ દિલ્હી દલબલમાં કૃષ્ણ કદાચ ક્યાંય નથી.

કૃષ્ણ કહેતાં 'તસ્માદ્ યુદ્ધસ્વ'નું તેમ તેમાં વળી 'વિગતજ્વરે' હોવાનું સાંભરી આવે એ સહજ છે. કોઝીકોડે અવસર દીનદયાલ શતાબ્દીનોયે વિશેષરૂપે હતો. દીનદયાલનું સ્મરણ વિગતજ્વરતાના સંદર્ભમાં એ રીતે કરવા જેવું છે કે એમણે અને રામ મનોહર લોહિયાએ એક સંયુક્ત નિવેદન વાટે ભારત-પાક અર્ધ સમવાયની હિમાયત કરી હતી. યુનિટરી નહીં, અરે ફેડરલ પણ નહીં પરંતુ કૉન્ફેડરલ એવી એ ભૂમિકામાં 'હિંદુ રાષ્ટ્ર' અને 'અખંડ ભારત' કાં તો રહેતાં નહોતાં કે પછી ૧૯૨૫થી ૧૯૪૭ સુધી સંઘે ઘૂંટેલ વ્યાખ્યા સંપ્રદાયની બહાર એક વ્યાપક નવરૂપની ગુંજાશ એમાં હતી. આમ પણ, એકાત્મ માનવવાદ સાથે દીનદયાળ પોતાના સંઘી ઉછેરની બહાર નીકળવાની પ્રક્રિયા શરૂ કરી ચૂક્યા હતા. નમો-ભાગવત ધરીને આ કશી ખબર છે કે કેમ તે આપણે અલબત્ત જાણતા નથી.

બેશક, કાશ્મીરમાં પાકિસ્તાને પોતાનું લોક્સ સ્ટેન્ડાઈ કે'દીનું ગુમાવેલું છે તે ગુમાવેલું છે. પણ તેણે એ ગુમાવ્યાથી એ આપણે પરબારું અર્જિત કર્યું છે એવું નથી. આ બુનિયાદી સમજમાં પેલી વિગતજ્વરતાની કૂંચી પડેલી છે. પીડીપી સાથે સમજૂતી વખાના માર્યા હશે, પણ તાત્ત્વિક શોધન સાથે એ સંઘસ્કૂલના રાષ્ટ્રવાદને પરિમાર્જિત પણ કરી શકે છે એ સમજવા માટેની તૈયારી ભાજપ શ્રેષ્ઠીઓમાં છે કે કેમ તે પણ આપણે જાણતા નથી. જે સમવાયી મોકળાશે તામિલનાડુને ભારતથી છૂટું પાડી શકતી રાજનીતિને રચનાત્મક વળાંક આપ્યો એવી જ કોક મોકળાશ કાશ્મીરમાં પણ જરૂરી છે તે સાદી સમજ કલમ ૩૭૦ સામે 'મારો ફિરંગી કો' એવા કોઈ ઘોષવાક્ય સાથે તૂટી પડવા કરતાં વધુ ફળદાયી હોઈ શકે છે. (વાજપેયીએ નેહરુ સાથેનો એક સંવાદ નોંધ્યો છે જેમાં નેહરુએ ૩૭૦ માંહેલો કથિત અલગતાવાદ ઉત્તરોત્તર કેવો ઘસાતો ચાલ્યો છે એ વિગલન પ્રક્રિયાની વહેવારુ સમજૂત સરસ આપી હતી.)

આ આખી માંડણી (એમાં વ્યંગાત્મક પટાબાજીના અંશો છતાં) દરમ્યાન પાકિસ્તાનની મર્યાદાઓને ઓછી આંકવાનો કે બક્ષવાનો ખ્યાલ મુદ્દલ નથી. તે બિનસાંપ્રદાયિક રાહ ન લઈ શક્યું, એની લોકશાહીને લશકરશાહીની ચૂડ વળગી તે વળગી, આણવિક શસ્ત્રાસ્ત્ર ચોરી અને ઘરઆંગણે કાનૂનમુક્ત અરાજકતા સાથે એ 'રોગ (rouge) સ્ટેટ' બન્યું, હિંદુદ્વેષ અને ભારતદ્વેષ સિવાય એને બાંધતાં તત્ત્વોની ઊણપ રહી, એ આખી યાદી આપી શકાય. માત્ર, એનો જવાબ પાક કોમવાદના હિંદુ અડધિયા (કાઉન્ટર પાર્ટ) જેવી રાજનીતિમાં નથી તે સાફ સમજીને ચાલવું જોઈશે. વસ્તુતઃ વડાપ્રધાનની કોઝીકોડે મુદ્રાએ આ સંદર્ભમાં નકરી વ્યૂહાત્મકતાને વરી જઈ મૂલ્યાત્મકતામાં ઠરવું રહે છે. **પ્ર.ન.શા.**

## સદ્ગત રમેશચંદ્ર પરમાર

**પંદરમી** સપ્ટેમ્બરે બપોરે, 'નિર્ધાર'-ખ્યાત ઉમેશ સોલંકીએ ડૉ. રમેશચંદ્ર પરમાર ગયાના સમાચાર આપ્યા ત્યારે સાંભર્યું કે હજુ બારમી સપ્ટેમ્બરે તો સદ્ગત ગણપતભાઈ રાઠોડની શોકસભામાં એમણે આત્મીય અંજલિવચનો ઉચ્ચાર્યા હશે, અને આજે તો પોતે પણ અનંતની યાત્રાએ ઊપડી ગયા : ગુજરાતના આરંભિક દલિત પેન્થરો પૈકી એકને નાતે દલિત ચળવળ અને સાર્વજનિક જીવનમાં સુપ્રતિષ્ઠ રમેશચંદ્ર જે રીતે આજાર ચાલતા હતા જોતાં ગમે ત્યારે લય પામી શકે એમ હતા. એમ છતાં, એમનું જવું ગુજરાતમાં દલિત અસ્મિતા અને જાહેર જીવનના વળાંકને હિસાબે ખરે વખતે, ખરાખરીનું જવું છે. હાલનો મોડ જો ઉના આંદોલનનો છે તો એ મોરચે પહેલા એલાનના - અને એથી કરીને સમો બાંધવાના - યશભાગી રમેશચંદ્ર હતા. જિજ્ઞેશ મેવાણી જરૂર આંદોલનના અગ્રઅવાજ રૂપે ઉભર્યા, પણ કન્હૈયાના કેમિયો સહિતના ઘટનાક્રમ સાથે પંજાબ અને ઉત્તર પ્રદેશના આગામી ને આવું આવું ચૂંટણીપડકાર વચ્ચે અસરકારક દલિત હસ્તક્ષેપના એક કેન્દ્રબિંદુ રૂપે ઉના રાષ્ટ્રીય સ્તરે ઉંચકાયું, એનું પહેલું નોંધપાત્ર એલાન પેન્થર પીઠિકાએ કરીને રમેશચંદ્રનું હતું. *અનુ. પૃ. ૧૯ ઉપર*

હવે પછી...
**કૃષ્ણકાંત વખારિયા, બકુલા ઘાસવાલા**


**'નિરીક્ષક' માટે જા.ખ.ના દર**

- આવરણ-૪ ૪૦૦૦/-
- આવરણ-૩ ૩૦૦૦/-
- અંદરનું આખું પાનું ૨૦૦૦/-
- અંદરનું અડધું પાનું ૧૦૦૦/-
- સેન્ટર સ્પ્રેડ ૪૦૦૦/-

★ **પુસ્તકોની જા.ખ. અડધા દરે** ★


**લવાજમ ભરવા માટે સરનામાં**

**વિજય મૅગેઝિન વર્લ્ડ**
૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૧

**અદીત ઍજન્સી (એસ.બી. શાહ)**
ફોન નં. : ૦૭૯-૨૭૪૯૬૨૮૩
૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, **અમદાવાદ**-૧૩

**સૌરભ પુસ્તક ભંડાર**
બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હૉસ્પિટલ પાસે, મેમનગર, **અમદાવાદ**-૩૮૦૦૫૨

**નવકાર મૅગેઝિન ઍજન્સી**
બ્લોક એ, ફ્લેટ ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક વચ્ચે, જયકાન્ત કામદાર માર્ગ, મેમનગર, **અમદાવાદ**-૫૨

**ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.**
શૉપ નંબર : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૬
૧૯૯/૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ**-૪૦૦ ૦૦૨

**મૅગેઝિન વર્લ્ડ**
ગોપાલ ટૉકીઝ પાસે, સ્ટેશન રોડ, **આણંદ**-૩૮૮૦૦૧

**કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ**
**કીમ,** જિ. સુરત-૩૯૪ ૧૧૦

**પીયૂષ મૅગેઝિન ઍજન્સી**
એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલયની બાજુમાં, બસ સ્ટૅન્ડની પાસે, **મહેસાણા**-૩૮૪ ૦૦૧

**નવનીત મૅગેઝિન એજન્સી**
એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, **મહેસાણા-૧**

**એજ્યુકેશનલ એમ્પોરિયમ**
૩૬, ઉમિયાનગર, **પાટણ**-૩૮૪ ૨૬૫

**શિવમ એન્ટરપ્રાઈઝ**
બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ક્રેસન્ટ, **ભાવનગર-૧**

**લવાજમ વિષયક**

સંબંધિત સૌને નોંધ લેવા વિનંતી કે તા. ૧ મે ૨૦૧૪થી 'નિરીક્ષક'નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ તેમજ આજીવન લવાજમ રૂ. ૨૦૦૦ છે. જૂના દરે (વાર્ષિક રૂ. ૧૫૦/-ના ધોરણે) લવાજમ ભરનારને નવ મહિના સુધી નિયમિત અંક મોકલાશે. **વ્ય.**

# નવી આર્થિક નીતિ-૧ / રમેશ બી. શાહ

**૧૯૯૧ના** જુલાઈમાં લઘુમતીમાં રહેલી નરસિંહરાવની સરકારના નાણાપ્રધાન તરીકે મનમોહનસિંહે દેશની આર્થિક નીતિમાં જે પરિવર્તનો કર્યાં તે નવી આર્થિક નીતિ કે ઉદારીકરણની નીતિ તરીકે ઓળખાય છે. આ નીતિના અમલથી ભારતના અર્થતંત્રમાં મોટો વળાંક આવ્યો છે. દેશમાં તથાકથિત સમાજવાદી આર્થિક નીતિઓનો અંત આણીને બજારવાદી આર્થિક નીતિઓનો અમલ કરવાનો યશ (કે અપયશ) નરસિંહરાવ અને મનમોહનસિંહને આપવામાં આવે છે. પણ હકીકત એ છે કે જેને નવી આર્થિક નીતિ કે ઉદારીકરણની નીતિ તરીકે ઓળખવામાં આવે છે, એનો પ્રારંભ ૧૯૮૫માં થયેલો. એ સુધારાઓ નીતિવિષયક મોટી જાહેરાત કર્યા વિના કરવામાં આવ્યા હતા, પણ એ સુધારા મહત્ત્વના અને દૂરગામી હતા. તેથી ભારતના ત્રણ પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓએ ૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭માં આપેલાં સ્મૃતિ-વ્યાખ્યાનોમાં એ સુધારાઓને નવી આર્થિક નીતિ ગણીને તેની તેમણે સમીક્ષા કરી હતી. આમ, ૧૯૯૧માં અપનાવવામાં આવેલી નીતિનો પ્રારંભ ૧૯૮૫માં થયો હતો; ૧૯૯૧માં સર્જાયેલી નાણાકીય કટોકટીને કારણે તે સુધારા એકાએક આવી પડેલા ન હતા. અલબત્ત, જે ત્વરાથી અને મોટા પાયા પર એ સુધારા કરવામાં આવ્યા હતા, તેમાં નરસિંહરાવની રાજકીય સંકલ્પશક્તિ અને કુનેહ કામ કરી ગઈ હતી.

જે ત્રણ અર્થશાસ્ત્રીઓનાં સ્મૃતિ વ્યાખ્યાનોનો ઉપર ઉલ્લેખ કર્યો છે, તેની વિગતો આ પ્રમાણે છે : ૧૯૮૫માં કે.એન. રાજે વી.ટી. કૃષ્ણામાચારી સ્મૃતિ-વ્યાખ્યાન આપેલું. ૧૯૮૬માં આઈ.જી.પટેલે ઇંગ્લૅન્ડમાં કિંગ્ઝલી માર્ટિન મેમોરિયલ લેક્ચર આપેલું અને ૧૯૮૭માં ડી.ટી. લાકડાવાલાએ અજિત ભગત સ્મૃતિ-વ્યાખ્યાન આપેલું. આ લેખમાં આ ત્રણ અર્થશાસ્ત્રીઓને થોડા વિસ્તારથી ટાંકીને એમને જ બોલવા દીધા છે, જેથી નવી આર્થિક નીતિનો ઉદ્ભવ અને તેની ભૂમિકા સ્પષ્ટ થઈ જાય. નવી આર્થિક નીતિની સમીક્ષા પછીના લેખમાં કરવામાં આવશે.

**પ્રથમ ૧૯૮૫માં અપાયેલા કે.એન. રાજના વ્યાખ્યાનમાંથી કેટલાંક અવતરણો ટાંકીએ :**

"આ વર્ષે આપણી સમક્ષ જેને નવી આર્થિક નીતિ કહેવામાં આવે છે તે રજૂ થઈ છે. અલબત્ત, એના સંદર્ભમાં કોઈ સત્તાવાર ઠરાવ કે નિવેદન જોવા મળતા નથી.... પરંતુ આ નીતિવિષયક ફેરફારોની બાબતમાં એક મુદ્દા પર લગભગ સર્વસંમતિ પ્રવર્તે છે. આ ફેરફારો દ્વારા ખાનગી ક્ષેત્રને વિસ્તારવાનો વિસ્તૃત અવકાશ આપવામાં આવ્યો છે, ખાસ કરીને આધુનિક મોટા પાયાના ઉદ્યોગોના ક્ષેત્રે કૉર્પોરેટ વિભાગને વિસ્તારવા માટે સગવડ કરી આપવામાં આવી છે અને આ પ્રક્રિયામાં બહુરાષ્ટ્રીય કૉર્પોરેશનો માટે તકો ખૂલી ગઈ છે."

"ઔદ્યોગિક પરવાના પદ્ધતિ છેલ્લા ત્રણ દસકા દરમિયાન ઘણી વિસ્તરી છે. આ પ્રક્રિયામાં તેના પર 'ચરબી'નાં ઘણાં ચોસલાં ચડ્યાં છે અને તેમાં ઘણો કચરો ભેગો થયો છે. આરંભમાં જે કાર્યો માટે એની રચના કરવામાં આવી હતી, તેમાંનાં મોટા ભાગનાં કાર્યો, હવે તે અસરકારક રીતે કરી શકતી નથી. રાજકીય અને વહીવટી ભ્રષ્ટાચારનો તે એક મોટો સ્રોત બની છે... મને એમ લાગે છે કે આ ઢોંગ ચાલુ રાખીને અપ્રામાણિકતા અને દંભને પોષવાને બદલે તેને નાબૂદ કરવાનું વધારે ડહાપણભર્યું છે. (આ ઢોંગથી હવે કેટલાક નિરુપદ્રવી ઉદ્દામવાદીઓ સિવાય કોઈ છેતરાતું નથી અને તેનાથી બિનજરૂરી વિલંબ થાય છે તથા ચોતરફ બિનકાર્યક્ષમતા સર્જાય છે.)"

"અલબત્ત, આ બધાં પગલાં અર્થતંત્રને વધુ સ્પષ્ટ રીતે મૂડીવાદી બનાવનારાં છે, પરંતુ અર્થતંત્રને પ્રામાણિકપણે અને સર્જનાત્મક રીતે સાચા અર્થમાં સમાજવાદની દિશામાં લઈ જનારાં રાજકીય પરિબળોની ગેરહાજરીમાં મૂડીવાદી પ્રથાને નિખાલસ રીતે પસંદ કરવી રહી."

કે.એન. રાજ સમાજવાદી વિચારધારાનો પુરસ્કાર કરનારા અર્થશાસ્ત્રી હતા. તેમણે 'સમાજવાદી આર્થિક નીતિ'ની કરવામાં આવતી કેટલીક ટીકાઓનું તેમના વ્યાખ્યાનમાં ખંડન પણ કર્યું હતું, પણ ઉદ્યોગો પરના વિવિધ અંકુશો તેમને તત્કાળ દૂર કરવા જેવા લાગ્યા હતા. સાચા સમાજવાદનો વિકલ્પ દેશમાં ઉપલબ્ધ ન હોઈ મૂડીવાદી પ્રથા તેમને પણ સ્વીકારી લેવા જેવી લાગી હતી, એ હકીકત નોંધપાત્ર છે.

**૧૯૮૬માં કૅમ્બ્રિજ ખાતે આપેલા વ્યાખ્યાનમાં આઈ.જી. પટેલે ભારતમાં આવેલા આર્થિક નીતિના પરિવર્તનને જુદા દૃષ્ટિબિંદુથી જોયું હતું.** તેમણે વડાપ્રધાનપદે આવેલા રાજીવ ગાંધીના યુવાન નેતૃત્વમાં એ પરિવર્તનનું મૂળ જોયું હતું.

"અમારા યુવાન વડાપ્રધાને પરિવર્તન માટેનું વચન આપીને ભારતીય સમાજના મોટા ભાગના વર્ગોમાં આશાનો સંચાર કર્યો છે."

"શ્રી રાજીવ ગાંધી જ્યારે સત્તાસ્થાને આવ્યા, ત્યારે ભારત પરિવર્તન માટે આતુર હતું. ગરીબી પર વધુ મોટો પ્રભાવ પાડી શકે એવો વધુ ઝડપી આર્થિક વિકાસ કરતાંય લોકો સ્વચ્છ અને ઓછી મનસ્વી (Arbitrary) સરકાર માટે વધુ આતુર હતા. આવી બાબતોમાં આત્મલક્ષી ન થવાનું મુશ્કેલ છે, પરંતુ વાજબી રીતે એમ કહી શકાય કે સરકારની ઓછી દરમિયાનગીરીવાળી આર્થિક નીતિઓને ભારતમાં ક્રમશઃ જે વધતું જતું સમર્થન સાંપડી રહ્યું છે, તે ઓછી દરમિયાનગીરીવાળી આર્થિક નીતિથી દેશમાં આર્થિક વિકાસ વધુ ઝડપી બનશે કે વધુ સમાનતા આવશે, એવી સમજથી પ્રેરાઈને નથી, પરંતુ સત્તાનો મનસ્વી ઉપયોગ ભ્રષ્ટાચારનો સ્રોત છે, એવી સમજથી પ્રેરાઈને છે."

"હવે હું જેને સાચી રીતે ભારતની 'નવી આર્થિક નીતિ' કહી શકાય તેના પર મારું ધ્યાન કેન્દ્રિત કરીશ. આર્થિક નીતિની ઉત્ક્રાંતિમાં હંમેશાં થોડું સાતત્ય જળવાતું હોય છે. ઔદ્યોગિક પરવાનાઓમાં છૂટછાટો કે આયાતો માટેની ઉદાર નીતિ જેવાં તાજેતરમાં ભરવામાં આવેલાં કેટલાંક પગલાંનો પ્રારંભ શ્રીમતી ગાંધીના શાસનનાં છેલ્લાં વર્ષોમાં થયો હતો. કેટલાંક પગલાં જનતા સરકારના શાસન દરમિયાન ભરાયેલાં પગલાં તરફ લઈ જનારાં છે. આ બધું હોવા છતાં છેલ્લાં ૧૮-૨૦ મહિના દરમિયાન ભરવામાં આવેલાં પગલાં નવી દિશામાં ભલે ન જતાં હોય, નવી તેજ ગતિ આપનારાં તો છે જ. આમાં જે નવીનતા છે તે એ કે એકસાથે અનેક ક્ષેત્રોમાં નવાં પગલાં ભરવામાં આવી રહ્યાં છે કે પગલાં ભરવાની દરખાસ્તો કરવામાં આવી છે. આ પગલાં વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલી તપાસો દ્વારા પ્રાપ્ત થયેલી સ્પષ્ટ ભલામણોના આધારે ભરવામાં આવ્યાં છે."

આઈ.જી. પટેલના ઉપર્યુક્ત અવલોકનમાંથી રાજીવ ગાંધીના શાસનમાં અમલમાં મૂકવામાં આવેલી નીતિની બાબતમાં બે નોંધપાત્ર

મુદ્દાઓ ફલિત થાય છે. એક, અનેક ક્ષેત્રોમાં એકસાથે અને ઝડપથી સુધારા કરવામાં આવ્યા હતા. બીજું, એ સુધારા પાછળ કોઈક સમિતિની ભલામણો અથવા લાંબા સમયની વિચારણા પડેલી હતી. એ સુધારાઓ કેવળ વિશ્વબૅંક અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળના દબાણ નીચે કરવામાં આવ્યા નહોતા. આ મુદ્દાની ચર્ચા પટેલસાહેબે તેમના વ્યાખ્યાનમાં નીચેના શબ્દોમાં કરી હતી :

"નવી આર્થિક નીતિ પાછળની વિચારણા સરકારી કે આયોજનપંચની નથી, પંરતુ વિશ્વબૅંક અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળની છે, એવી દલીલ ટીકાકારો કરે એ શક્ય છે. એ સાચું છે કે ઉક્ત બે સંસ્થાઓ ઠીક-ઠીક સમયથી આ પ્રકારના સુધારાઓ માટે ભલામણ કરતી આવી હતી. આ સંસ્થાઓમાં કામ કરી ચૂકેલા કેટલાક અર્થશાસ્ત્રીઓ આજે આયોજનપંચમાં, નાણાખાતામાં અને વડાપ્રધાનના પોતાના સચિવાલયમાં સલાહકાર તરીકે કાર્ય કરી રહ્યા છે, પરંતુ આ હકીકતોને વધારે પડતું મહત્ત્વ આપવામાં એક મહત્ત્વના મુદ્દા પ્રત્યે દુર્લક્ષ થાય છે. એ મુદ્દો એ છે કે તાજેતરનાં વર્ષોમાં ભારતમાં આર્થિક નીતિને ચોક્કસ દિશામાં અસરકારક રીતે વાળવા માટે લોકમત કેળવાયો છે… ભારતમાં વધતી જતી બિનકાર્યક્ષમતાને રોકીને કાર્યક્ષમતા વધારવાની તેમજ ગરીબીવિરોધી કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવાની જરૂર છે, એવું લોકોને ઠીક-ઠીક લાંબા સમયથી લાગવા માંડ્યું છે, એમ હું માનું છું."

**ડી.ટી. લાકડાવાલાએ તેમના વ્યાખ્યાનમાં આર્થિક નીતિના બદલાવ પાછળનાં આ જ કારણોને થોડા જુદા શબ્દોમાં રજૂ કર્યાં હતાં :**

"અત્યાચાર સુધીમાં દેશમાં અનેક યોજનાઓ પૂરી થઈ હોવા છતાં આર્થિક વૃદ્ધિના દર અને લોકોના જીવનધોરણ ઉપર ધારી અસર પડી શકી ન હતી. તે અંગે ઊભા થયેલા અસંતોષના સંદર્ભમાં આ ફેરફારો કરવામાં આવ્યા છે, એમ કહી શકાય. બચત અને મૂડીરોકાણનો દર ઘણો ઊંચો રહેવા છતાં આર્થિક વૃદ્ધિનો દર ૩-૪ ટકાથી ઊંચો લઈ જઈ શકાયો ન હતો."

"એક એવી લાગણી ઘણી વ્યાપક છે કે ભારતના અર્થતંત્રમાં મૂકવામાં આવેલાં નિયમનો ઘણા લાંબા સમય સુધી ચાલુ રહ્યાં છે અને તેમનો અતિરેક થઈ રહ્યો છે. જો અર્થતંત્રને મુક્ત બનાવવામાં આવે અને કેટલાંક ક્ષેત્રોમાં બજારનાં પરિબળોને સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવામાં આવે, તો પરિસ્થિતિ નોંધપાત્ર રીતે સુધરે એવી શક્યતા છે. ભૌતિક અંકુશોને બદલે નાણાકીય-રાજકોષીય પદ્ધતિની મદદથી અર્થતંત્રનું નિયમન કરવાનું પસંદ કરવું જોઈએ."

૧૯૯૧માં નાણાકીય કટોકટીના દબાણ નીચે જે નવી આર્થિક નીતિનો અમલ કરવામાં આવ્યો હતો. તેની ભૂમિકા રૂપે લખાયેલા આ લેખનું સમાપન કરીએ. આ ભૂમિકામાંથી બે મુદ્દાઓ સ્પષ્ટ થાય છે : એક નવી આર્થિક નીતિનો, એટલે કે ઉદારીકરણની નીતિનો પ્રારંભ ૧૯૮૫માં થયો હતો. બીજું, દેશમાં ત્રણ દાયકાથી ચાલી આવતી સમાજવાદી નીતિઓની નિષ્ફળતા સ્પષ્ટ થઈ ચૂકી હતી, તેથી તેનો ત્યાગ કરવાનું જરૂરી થઈ ગયું હતું અને એ માટે વ્યાપક સંમતિ પણ પ્રવર્તતી હતી. આમ છતાં, આર્થિક નીતિને સ્પર્શતા પાયાના હિંમતભર્યા નિર્ણયો કરવા માટે ૧૯૯૧ની કટોકટીની અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના દબાણની જરૂર પડી હતી. આ હકીકત દેશની લોકશાહી શાસનપ્રથાના સૂત્રધારોની ગંભીર મર્યાદા દર્શાવે છે : તેઓ 'પોલિટિકલ વિલ' ધરાવતા નથી.

**(ત્રણ લેખોની વિશેષ શ્રેણીનો પહેલો મણકો)** પાલડી, અમદાવાદ



## અંગત વ્યવહાર અને જાહેરજીવન/સુદર્શન આયંગાર

**સંચારમાધ્યમ** દ્વારા જાણીતા થયેલા અને વર્તમાન સમયમાં આમ આદમી પક્ષ (AAP)ના સભ્ય, આશુતોષે ૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ NDTVની વેબસાઈટ પર પ્રકાશિત કરેલા પત્રમાં આ જ પક્ષની દિલ્હી સ્થિત સરકારના મંત્રી સંદીપ કુમારની, જાતીયતાને લગતી વર્તણૂકનો વીડિયો બનાવી તેને જાહેર કરાતાં, કરાયેલી હકાલપટ્ટી પર પ્રશ્ન ઉઠાવ્યો છે. આશુતોષની મુખ્ય દલીલ છે કે જાહેરજીવનમાં રહેલી વ્યક્તિને પણ અંગત પળોનો અધિકાર હોવો જોઈએ. જો વ્યક્તિનું આ કૃત્ય ગુનાહિત ન હોય અને પરસ્પરસંમતિથી કરવામાં આવ્યું હોય, તો જાહેર સંસ્થા (આ કિસ્સામાં રાજકીય પક્ષ)નું સંચાલન કરતી સત્તા દ્વારા તે સજાપાત્ર ન હોવું જોઈએ. આમ, તેમણે જાહેરજીવન સાથે સંકળાયેલી વ્યક્તિના સ્વાતંત્ર્યને લગતો મહત્ત્વનો પ્રશ્ન ઉઠાવ્યો છે. આ અંગે પોતાના મતના સમર્થનમાં તેમને ભારતની રાજનીતિની મહાન વ્યક્તિઓ જેમ કે જવાહરલાલ નેહરુ, અટલબિહારી વાજપેયી, રામમનોહર લોહિયા, જ્યૉર્જ ફર્નાન્ડિઝ, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ગેરી હાર્ટ અને માઓ જે ડોંગ અને વિશેષમાં મહાત્મા ગાંધીના સંદર્ભ રજૂ કર્યા. તેઓ તો એમ કહેવા પ્રેરાયા છે કે જો તે દિવસોમાં આવી વીજાણુ જાસૂસી શક્ય હોત, તો આ મહાનુભાવોની આવી વર્તણૂક પ્રજા સમક્ષ જરૂર જાહેર થઈ હોત! અલબત્ત, તેમના મતે જાહેરજીવન સાથે સંકળાયેલી આ બધી જ વ્યક્તિઓનો વ્યવહાર અંગત હોવાથી તેને ઉચિત ગણાવી શકાય.

આશુતોષનો આ દાવો ગંભીર ચર્ચાને આમંત્રણ આપે છે. માત્ર દોષારોપણ અને આ આક્ષેપના હેતુ અંગેનો સવાલ આ વિવાદનો ઉકેલ ન હોઈ શકે. આ ગંભીર મુદ્દાને ચર્ચામાં લાવીને આશુતોષે બહાદુરીનું કામ કર્યું છે. અહીં મારી દલીલના બે મુદ્દા છે : એક, આશુતોષ સંદીપ કુમારના આ કૃત્યની તુલના મહાત્મા ગાંધી સાથે કરે છે, તે ભૂલભરેલી છે. અન્ય નામ અંગે ચર્ચા કરવાની મારી ઇચ્છા નથી. અલબત્ત, મારી આ રજૂઆતમાં અન્યોનો પણ સમાવેશ થઈ જશે તેમ આશા છે. બીજો મુદ્દો જાહેરજીવન, ખાસ કરીને રાજનીતિમાં નૈતિકતાના સંદર્ભમાં અને વિશેષમાં ગાંધીજીના ફાળા અંગેનો છે.

ગાંધીજીના બ્રહ્મચર્ય અંગેના પ્રયોગ મુમુક્ષુ તરીકે કરાયેલા સત્યના પ્રયોગોનો એક હિસ્સો હતો. તેમની યાત્રા વ્યક્તિગત હતી, પરંતુ જીવન જાહેર હતું. આત્મકથામાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે રાજનીતિના ક્ષેત્રના તેમનાં તમામ સાહસો મોક્ષપ્રાપ્તિના ભાગ રૂપે છે. ૧૯૦૬માં કસ્તુરબા સાથે મસલત કર્યા બાદ ગાંધીજી એ બ્રહ્મચર્ય વ્રત આદર્યું. શારીરિક સંબંધોનો ત્યાગ બ્રહ્મચર્યનું પ્રથમ પગથિયું છે. મોનિયા (બાળપણ) અને મોહનદાસ તરીકેના દિવસોથી દૃઢનિશ્ચયી સ્વભાવ ધરાવતા ગાંધીજી એક વાર કરેલા નિર્ણયમાંથી પાછા હટે તેવા ન હતા. તેમના પારદર્શક જીવન દરમિયાન પ્રત્યેક ભૂલની કબૂલાત પણ જાહેરમાં કરવાનું તેઓ ક્યારેય ચૂક્યા નથી. તેમના જીવનમાં લગ્નેતર શારીરિક સંબંધો અંગે ઉલ્લેખ સુધ્ધાં નથી. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના અંતરંગ મિત્ર હેન્રી પોલાકનાં પત્ની મિલી પોલાકની નોંધ અનુસાર તેઓ તો એક નિકટની સખી સાથે થઈ શકે તેવી વાત ગાંધીજી સાથે સંપૂર્ણ વિશ્વાસ સાથે કરી શકતાં. ગાંધીજી એક-બે મહિલાની નિકટ હતા, પરંતુ કોઈની પણ સાથે તેમના શારીરિક સંબંધો ન હતા. ગાંધીજીની સ્વયંસ્પષ્ટતા તેમ જ સ્વ-નિયંત્રણ છતાં તેમના

નજીકના સાથીદારોએ આનાં જોખમો પ્રત્યે તેમનું ધ્યાન ખેંચતાં ગાંધીજીએ આ સબંધો પર તાત્કાલિક પૂર્ણવિરામ મૂક્યું હતું. દેશના ભાગલાના સમયે પ્રવર્તતા વાતાવરણ પર સ્વયંની આંતરિક શક્તિ પ્રભાવ પાડી શકાશે, તેવી માન્યતા સાથે ગાંધીજીએ પૂર્વ બંગાળમાં બ્રહ્મચર્ય અંગે ક્રાંતિકારી કહી શકાય તેવું પગલું લીધું. અલબત્ત, આ અંગે અનેક વિવાદ પણ સર્જાયા અને તેને સ્વીકૃતિ પ્રાપ્ત થઈ નહિ, પરંતુ તેના કારણે લોકહૃદયમાંથી ગાંધીજીનું સ્થાન ચળ્યું નહીં, તે પણ નિર્વિવાદ છે. મોક્ષપ્રાપ્તિ અર્થે એક મુમુક્ષુએ લીધેલાં પ્રામાણિક પગલાં તરીકે જનસાધારણે તેને સ્વીકાર્યું.

આમ, આશુતોષ સંદીપ કુમારના પરસ્પર સંમતિ સાથે થયેલા લગ્નેતર શારીરિક સંબંધને ગાંધીજીના વ્યવહાર સાથે સરખાવીને ભૂલ કરી રહ્યા છે. ગાંધીજીના સ્વ-નિયંત્રણ માટેના પ્રયોગની જેમ સંદીપ કુમારે એવા કોઈ પ્રયાસ કર્યા હોય તેવા આધાર નથી. ગાંધીજીનો વ્યવહાર પણ સવાલ અને ચર્ચાથી પર ન હતો. મહત્ત્વનો મુદ્દો એ છે કે શું જાહેરજીવનમાં રહેલી વ્યક્તિને ખાનગી જીવનમાં સ્વાતંત્ર્યનો અધિકાર ખરો? પ્રશ્નના સમર્થન અને વિરોધને અવકાશ છે. ગાંધીજી જાણતા હતા કે રાજકારણ સાથે સંબંધિત સહુ માટે મોક્ષપ્રાપ્તિ લક્ષ્ય ન હતું. પરિણામે વ્યવહારુ માર્ગ એ હતો કે ખાનગી જીવનમાં સ્વ-નિયંત્રણ ધરાવતી વ્યક્તિ જાહેરજીવનમાં તટસ્થ વ્યવહારમાં ઓછા અવરોધનો સામનો કરશે. ખ્યાતનામ રાજનીતિશાસ્ત્રી લૉઈડ રુડોલ્ફ અને સુઝન હોબર રુડોલ્ફ સ્વ-નિયંત્રણ અને રાજકીય ક્ષમતા અંગે ચર્ચા કરતાં જણાવે છે કે વ્યક્તિના અંગત જીવનનો વ્યવહાર અને રાજ્ય તેમજ સામાન્ય કલ્યાણની બાબતમાં તેના વ્યવહારની તટસ્થતા વચ્ચે સંબંધ છે. પરંતુ વર્તમાન સમયમાં જાહેરજીવનમાં અંગત નૈતિકતાની પ્રસ્તુતતા ઘટી છે. તેઓ સંયુક્ત રાજ્ય અમેરિકાના ઉદાહરણ દ્વારા જણાવે છે કે પરસ્ત્રી પર વિશેષ ધ્યાન આપનાર એક સેનેટર, રાષ્ટ્રપ્રમુખ સુધ્ધાની રાજ્યના સુશાસન માટેની ક્ષમતા પર કોઈ પ્રભાવ પડતો નથી (બિલ ક્લિન્ટનના શાસન બાદ ૨૦૦૯માં આ લખાયું હતું). અલબત્ત, તેનો આ વ્યવહાર ખાનગી હોય અને તે કોઈ ઊહાપોહને જન્મ ન આપે. પશ્ચિમી રાજનીતિની વ્યવસ્થા વ્યક્તિના જાહેર વર્તન અંગે આંતરિક નહીં, પરંતુ બાહ્ય તેમજ નૈતિક નહિ, પરંતુ સંસ્થાકીય નિયંત્રણો પર આધારિત છે.

ભારતના સંદર્ભમાં આ બાબત ધર્મ, જેને ફરજ પણ કહી શકાય તેની સાથે સંકળાયેલી છે. જાહેર જીવન સાથે સંકળાયેલી વ્યક્તિનું ચારિત્ર્ય હંમેશાં સ્વ-નિયંત્રિત હોય તે અનિવાર્ય પૂર્વશરત બની રહે છે. રાજનીતિના ક્ષેત્રે સંસ્થાકીય નિયંત્રણના સ્થાને નૈતિક નિયંત્રણના આ ગહન ભારતીય વિચારમાં ગાંધીજીની દૃઢ માન્યતા હતી. વ્યક્તિનું આંતરિક બળ તેના જાહેરજીવનના જુસ્સામાં વૃદ્ધિ કરનારું હોવું જોઈએ. માત્ર સંસ્થાકીય નિયંત્રણથી નિયંત્રિત વ્યક્તિ દ્વારા સત્તાના દુરુપયોગની શક્યતા વધી જાય છે. આશુતોષે જણાવેલાં નામ ઉપરાંત આ બાબત સહુને લાગુ પડે છે. સ્વ-નિયંત્રણનું પાલન વધુ સંપોષિત તેમજ અપરિવર્તનીય તેવી ચારિત્ર્યનિર્માણની પ્રક્રિયા છે. એ યાદ રાખવું ઘટે કે જાહેરજીવનમાં રહેલી વ્યક્તિ માટે કશું જ અંગત રહેતું નથી. જો વ્યક્તિએ જાહેરજીવનમાં ઝંપલાવવા અંગે પૂરી ગંભીરતાથી નિર્ણય લીધો હોય, તો તેણે અંગત જીવનમાં સ્વ-નિયંત્રણ કરવું જ રહ્યું; ખાસ કરીને કે જે વર્તનના નૈતિક સૂચિતાર્થ હોય તેમજ જે બહુજનકલ્યાણ અંગેની બાબતોના ન્યાયી અને ઈષ્ટ વ્યવહારને સ્પર્શનારું હોય.

E-mail : sudarshan54@gmail.com

ચંપારણ્ય સત્યાગ્રહ શતાબ્દી

## જનતાને શોષણમુક્ત કરવા વિશેષતંત્રનો ઉપયોગ/જયંત દિવાણ

**ચંપારણ્યનો** ગળીવિરોધી સત્યાગ્રહ ઈ.સ ૧૯૧૭માં થયો હતો. ગાંધીજી ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી પરત ફર્યા. તે સમયે તેઓ મહાત્મા તરીકે ઓળખાતા નહોતા. દક્ષિણ આફ્રિકામાં બાવીસ વર્ષના સમયગાળા દરમિયાન તેમણે બૌદ્ધિક આદર્શોને વ્યવહારિક રૂપ આપ્યું હતું. રસ્કિનની પુસ્તિકા વાંચી પોતાની જીવનશૈલી બદલી હતી. ફિનિક્સમાં આશ્રમ સ્થાપી તેમણે ખેડૂતોની જીવનશૈલી અપનાવી હતી. દક્ષિણ આફ્રિકાની લડતોને કારણે કાચું લોખંડ પોલાદમાં ફેરવાઈ ચૂક્યું હતું. વ્યક્તિગત જીવન અને માનવસંબંધો અંગેનું વ્યાપક જીવનદર્શન તેમનામાં વિકસિત થયું હતું. તેમજ સમાજની અર્થવ્યવસ્થા અને સરકારના કર્તવ્ય અંગે પણ તેમના વિચાર ખૂબ સ્પષ્ટ હતા.

ગાંધીજી ભારત પાછા ફર્યા, ત્યારે ગુરુવર્ય ગોપાળકૃષ્ણ ગોખલેની સલાહ પ્રમાણે તેમણે તુરત સાર્વજનિક જીવનમાં ભાગ લેવાને બદલે માત્ર ભારત જોવાનું નક્કી કર્યું હતું. તેમ છતાં વીરમગામની જકાત રદ કરવી, તેમજ ગિરમીટપ્રથા બંધ કરવા માટે તેમણે સક્રિય આગેવાની લીધી હતી. તે પ્રશ્નોનો ઉકેલ પણ આણ્યો હતો.

ગાંધીજી ભારત પાછા ફર્યા, ત્યારે શાંતિનિકેતનમાં દીનબંધુ એન્ડ્રુઝે તેમને પૂછ્યું હતું, 'ભારતમાં સત્યાગ્રહ કરવાનો પ્રસંગ આવશે એમ તમને લાગે છે? અને લાગતું હોય તો ક્યારે?' તે અંગે ગાંધીજીનો જવાબ હતો, 'મારા માટે આ પ્રશ્નનો જવાબ આપવો મુશ્કેલ છે. પાંચ વર્ષ સુધી સત્યાગ્રહ કરવાનો પ્રસંગ આવશે એમ મને લાગતું નથી.' માત્ર બે વર્ષમાં જ આ પ્રસંગ આવ્યો અને ભારતીય સ્વાતંત્ર્યની લડત કઈ રીતે લડવી તેનો પાઠ દેશને શીખવી ગયો.

૧૯૧૬માં લખનૌ ખાતેના કૉંગ્રેસ અધિવેશનમાં બ્રજકિશોરબાબુ (જયપ્રકાશના સસરા પ્રભાવતીના પિતાજી) અને તેમના સહકાર્યકરો આવ્યા હતા. બિહારમાં ગળીના ખેડૂતોના દુ:ખનિવારણ તરફ કૉંગ્રેસે ધ્યાન આપવું તે માટે તેમના પ્રયત્ન હતા, એવો ઠરાવ તે અધિવેશનમાં રજૂ કરવા ઇચ્છતા હતા. આ ઠરાવ ગાંધીજીએ રજૂ કરવો એવી તેમની ઈચ્છા હતી. પરંતુ જે બાબત પોતે વાસ્તવમાં જોઈ નથી, તે અંગે ઠરાવ રજૂ કરવા ગાંધીજીએ ના પાડી. માત્ર આ જૂથના સભ્યોના આગ્રહ ખાતર ચંપારણ્યની મુલાકાત લેવાનું તેમણે માન્ય રાખ્યું.

અધિવેશન પૂરું થઈ ગયું. પરંતુ બિહારના નેતા અને તેમના પ્રતિનિધિ પંડિત રાજકુમાર શુક્લ ગાંધીજીની પાછળ પડ્યા. કોલકાતામાં કમિટીની બેઠક માટે આવ્યા હતા, ત્યારે બે દિવસની બોલી પર ગાંધી ચંપારણ્યની મુલાકાતે ગયા અને ત્યાંની ભીષણ પરિસ્થિતિ જોઈ તેમણે ત્યાં જ ખૂંટો ખોડ્યો.

ચંપારણ્ય સાંસ્થાનિકોથી વ્યાપ્ત હતું. બેતિયાનું સંસ્થાન સૌથી મોટું હતું. સાંસ્થાનિકોએ પોતાની જમીન ઈજારાથી આપી હતી. છેંતાલીસ ટકા જમીન પર અંગ્રેજ ઠેકેદારોનો અધિકાર હતો. ચંપારણ્ય જિલ્લાનો

લગભગ અડધો હિસ્સો અંગ્રેજ ઠેકેદારો પાસે હતો. ગામોનાં ગામ ઠેકેદારોના તાબામાં હતાં. ઈજારાની રકમ સાંસ્થાનિકોને મળી રહે એટલે પત્યું. ઠેકેદારો પ્રજા સાથે ગમે તેમ વર્તે તોપણ સાંસ્થાનિકોને તેની સાથે લેવા-દેવા નહોતી. ગાંધીજી ચંપારણ્યમાં ગયા, ત્યારે ત્યાં સિત્તેરથી વધારે કોઠીઓ (ગળીનાં કારખાનાં) હતી. આ કોઠીઓએ ચંપારણ્યની પ્રજાનું જોશ હણી લીધું હતું અને તેમને ગુલામ કરી મૂક્યા હતા. કોઠીઓના શોષણને કારણે પ્રજા ભયભીત હતી. પોલીસયંત્રણા અને કોર્ટ હતી, પણ તે કોઠીવાળાઓને એટલે કે ગળીવાળાઓને ફાયદો કરાવવા માટે જ. જાણે ગળીવાળા સર્પે ચંપારણ્યની પ્રજાને કસીને જકડી રાખી હતી.

ગાંધીજીએ ચંપારણ્યમાં આવતાંની સાથે જ પ્રજાને શોષણમુક્ત કરવા માટે એક વિશેષ તંત્રની રચના કરી. જેમના માટે પગલું માંડવાનું છે, તેને પહેલાં તેની જાણ કરવી એ સત્યાગ્રહી તરીકે ગાંધીજી પોતાનું કર્તવ્ય માનતા હતા.મુઝફ્ફરપુરમાં આવતાં જ તેમણે બગીચાવાળા સંઘના સેક્રેટરી અને તિરહૂત વિભાગના કમિશનરની મુલાકાત લીધી અને ખેડૂત, જમીનદાર અને ગળીવાળાના સન્માનથી સુલેહ કરવા માટે તે આવ્યા છે, તેમ જણાવ્યું. તેમ છતાં ગળીવાળાઓએ તેમની ઉપસ્થિતિનો અર્થ અંગ્રેજોને દેશમાંથી કાઢી મૂકવા એવો જ કર્યો. કમિશનરે તેમને ચંપારણ્યમાંથી નીકળી જવાની સલાહ આપી.

મુઝફ્ફરપુરમાં બ્રજકિશોરબાબુ વગેરે વકીલો સાથે વાતચીત કર્યા પછી ગાંધીજીના ધ્યાનમાં આવ્યું કે માત્ર ખટલા ચલાવવાથી આ તીનકઠિયા (એક વીઘા જમીનના ત્રીજા ભાગની જમીન પર ગળી રોપવાની રીત) પ્રકાર બંધ થશે નહીં. રૈયત કચડાઈ ગઈ છે. ભયગ્રસ્ત છે. તેને ભયમાંથી મુક્ત કરવી એ જ ખરું ઔષધ છે.

ગાંધીજીએ સહકારીઓ (જે મુખ્યત્વે વકીલ હતા) પાસેથી આશ્વાસન મેળવ્યું કે કારકુની કામ તેમણે કરવાં પડશે અને આપણે ધંધો અનિશ્ચિત સમય સુધી બંધ રાખવો પડશે. તેમજ બધાં કામો સેવાભાવથી અને વગર પૈસે થવા જોઈએ એમ પણ જણાવ્યું. આ લડતમાં જેલમાં જવાની શક્યતા પણ તેમણે દર્શાવી. પરંતુ સહકારીઓને પંપાળીને જ, 'જો તેમણે આ જોખમ સ્વીકાર્યું તો તેમને ગમશે' એમ નમ્રપણે સૂચવ્યું. આ ગાંધીની રીત હતી. જે જેટલું સાથે ચાલે તેટલું તેને ચલાવડાવવું.

ગાંધીને અંદેશો મળી ગયો કે અંગ્રેજો તેમને પકડશે, ત્યારે સરકાર તરફથી જે કાર્યવાહી થાય, તે પ્રજાની સમક્ષ થાય, એ ઉદ્દેશથી તે મુઝફ્ફરપુર છોડી ચંપારણ જિલ્લાના મુખ્ય સ્થળ મોતીહારી પહોંચ્યા. મોતીહારી પહોંચતાં જ પ્રજાની ભીડ ભેગી થઈ ગઈ. જે આવે તે પોતાનું દુઃખ જણાવવા લાગ્યું. ગાંધીજી પર તેની અસર થવા લાગી.

મોતીહારીમાં પહોંચતાં જ બીજા દિવસે ગાંધીને જિલ્લા-મેજિસ્ટ્રેટે નોટિસ આપી. તેમના આવવાથી સાર્વજનિક શાંતિનો ભંગ થશે. ભયંકર તોફાનો ફાટી નીકળશે. તેથી તેમણે જિલ્લામાંથી નીકળી જવું એમ નોટિસમાં જણાવવામાં આવ્યું હતું. ગાંધીએ જિલ્લો છોડીને જવાની ના પાડી. તેમણે સ્પષ્ટ કહ્યું કે, ચળવળ કરવા માટે નહીં, પણ સાચી પરિસ્થિતિની શોધ કરવા માટે તે ત્યાં આવ્યા છે.

સરકારે ગાંધીજીના વિરોધમાં કોર્ટમાં ખટલો(કેસ) દાખલ કર્યો. કોર્ટમાં ઊભા રહ્યા પછી કોર્ટે પૂછ્યું કે તેમનો કોઈ વકીલ છે? ગાંધીએ જવાબ આપ્યો કે ના. આ સાંભળતાંની સાથે જ ત્યાં એકઠા થયેલા હજારો લોકો ચકિત થઈ ગયા. છતાં પણ લોકોને લાગ્યું કે ગાંધીજી પોતે મોટા બૅરિસ્ટર છે, ત્યારે તે પોતાનો પક્ષ પોતે જ રજૂ કરશે. સરકારી વકીલે સાક્ષી ઊભા કરતાં જ ગાંધીએ કહ્યું કે સાક્ષીની જરૂર નથી. તેમાં નકામો સમયનો બગાડ થાય છે. તેમણે કોર્ટની સામે પોતાનું નિવેદન વાંચી સંભળાવ્યું. જનતામાં રહીને જ જનતાની સેવા કરી શકાય છે. આ તેમનું કર્તવ્ય છે અને તેથી તેમણે કાયદાનો ભંગ કરી શિક્ષા સહન કરવાનું ઠરાવ્યાનું જણાવ્યું. નિવેદન સાંભળતાં જ લોકો સ્તબ્ધ થઈ ગયા. આ પ્રકારનું નિવેદન કદાચ આ પૂર્વે હિંદુસ્થાનના કોઈ પણ બ્રિટિશ કાર્યાલયમાં કોઈએ આપ્યું નહોતું કે કોઈએ સાંભળ્યું નહોતું. મૅજિસ્ટ્રેટ પણ મૂંઝાઈ ગયા. મૅજિસ્ટ્રેટને લાગ્યું હતું કે ખટલો કેટલાક દિવસ ચાલશે. તેમને સમજાયું નહીં કે નિર્ણય જણાવવા સુધી ગાંધીનું શું કરવું. મૅજિસ્ટ્રેટે નિર્ણય ચાર-પાંચ દિવસ સુધી ટાળી દીધો.

સત્યાગ્રહ એટલે જ સવિનય કાનૂનભંગ. ગાંધીજી લખે છે, 'સરકારી નોટિસોનો હું કાયદેસર વિરોધ કરી શક્યો હોત. તેમ કરવાને બદલે મેં તેમની બધી નોટિસો સ્વીકારી. તેના પરથી અને અમલદારો સાથે પ્રત્યક્ષ સંબંધ થતા દાખવેલા સૌજન્ય પરથી તેમને સમજાઈ ગયું કે, જુઓ, તેમને વિરોધ કરવાનો નહોતો, પણ હુકમનો સવિનય કાયદાભંગ જ કરવાનો હતો. તેના કારણે તેમને એક પ્રકારની નિર્ભયતા પ્રાપ્ત થઈ. પણ તે સાથે તેમના ધ્યાનમાં એ પણ આવ્યું કે આપણી સત્તા આજથી લુપ્ત થઈ. લોકો પળવાર માટે શિક્ષાનો ભય છોડી પોતાના નવા મિત્રની પ્રેમશક્તિને આધીન થયા.'

કમિશનરે આપેલી આ નોટિસને બિહાર સરકારે ભૂલભરેલું પગલું ગણાવ્યું અને ખટલો પાછો લીધો. સવિનય કાયદાભંગમાં આદર હોવો જોઈએ, સંયમ હોવો જોઈએ, તેમાં ક્યારેય ઉદ્ધતપણું આવે તે કામનું નહીં. તેમાં દ્વેષ અને ઘૃણાની ભાવના પણ આવવી જોઈએ નહીં. ભારતીય સ્વાતંત્ર્યલડતની આ ઐતિહાસિક ઘટના હતી. દેશના પહેલા સવિનય કાયદાભંગની એટલે કે સત્યાગ્રહની આ શરૂઆત હતી.

અંગ્રેજ કોઠીવાળા (ગળીના કારખાનેદાર) જબરદસ્તીથી ગળી રોપવા ફરજ પાડતા. ત્યાં તીનકઠિયા પ્રથા પ્રચલિત હતી. એક વીઘા જમીનના ત્રીજા ભાગની જમીન પર ગળી રોપવાની રીત એટલે તીનકઠિયા. ખેતીની ઉપજાઉ જમીન પર ખેડૂતને ગળી રોપવાની ફરજ પાડવામાં આવતી. ખેડૂતો સાથે કોઠીવાળા કરાર કરતા. કરાર પ્રમાણે ઠરાવેલી રકમ ગળી રોપવાના બદલામાં ખેડૂતોને કોઠીવાળા આપતા. જો પાક સારો ન આવે તોપણ તે રકમ ખેડૂતને આપવી જ પડતી, જે કોઠીવાળા આપતા. જમીન ખેડવી, રોપણી કરવી બધું ખેડૂતે જાતે કરવું પડતું. ખેડૂતોની ઇચ્છા વિરુદ્ધ કરાર કરવામાં આવતો. કોઠીવાળાનો આ બધો વ્યવહાર ખેડૂતોનું શોષણ કરી ચૂસી લેનારો હતો. કોઠીના નોકર તેમની પર અત્યાચાર કરતા, મૃત ઢોરોનાં ચામડાં પર વહીવટાનુસાર ચમારનો હક રહેતો. કોઠીવાળાએ તે હક છીનવી લીધો. ખેતરમાંનાં વૃક્ષો પર કોઠીવાળા હક્ક જમાવતા. ઢોરોના ચારણની જમીન ઉપયોગમાં લેવી કે નહીં એ અધિકાર કોઠીવાળાએ પોતાની પાસે રાખવાથી ગામ જ મુશ્કેલીમાં આવતું. જો પ્રજા કોઠીવાળાને નારાજ કરે, તો તેમને એક વાડામાં પૂરી દેવામાં આવતા. ઝાડની સાથે બાંધી દઈ ચાબૂકથી ફટકારવામાં આવતા. તેની સ્ત્રીને નગ્ન કરવામાં આવતી. કેટલાક કોઠીવાળા તો છોકરી પહેલી વખત રજસ્વલા થાય, એટલે રાત્રે છોકરીને કોઠી પર બોલાવી લેતા. અનેક રીતે કોઠીવાળા પ્રજાનું શોષણ કરતા હતા. આ અન્યાયના વિરોધમાં ઉદ્રેક થતા. ૧૯૦૮નો

બળવો આવો જ હતો. ખેડૂતોએ ગળી રોપવાનો ઇન્કાર કરી દીધો. કોઠીના સિપાઈઓએ મારામારી કરી. મૅનેજર પર હુમલો કર્યો. બળવાને રોકવા માટે સૈનિક અને પોલીસ તૈનાત કરવામાં આવી. નેતાઓની ધરપકડ કરવામાં આવી. પરિસરમાં યુદ્ધજન્ય પરિસ્થિતિ નિર્માણ થઈ. ત્રણસો કરતાં વધારે લોકોને શિક્ષા કરવામાં આવી. જ્યારે-જ્યારે ઉદ્રેક થયો, ત્યારે-ત્યારે પ્રજા જ મુશ્કેલીમાં મુકાઈ. અંગ્રેજો તરફથી પ્રજાને કચડી નાખવામાં આવી.

ગાંધીજીએ ઠરાવ્યું કે, રાષ્ટ્રીય કૉંગ્રેસના નામે લડતો ચલાવવી નહીં. અખબારવાળા અને આગેવાનોને તેમણે દૂર જ રાખ્યા. (કૉંગ્રેસનું નામ લીધા વિના કૉંગ્રેસે અને કૉંગ્રેસના આગેવાનોએ આ પ્રદેશમાં પ્રવેશ કર્યો.) આ વિષયનું રાજકારણ કરવું નહીં એ તેમણે અગાઉથી જ નક્કી કર્યું હતું. ક્યાંય રાજકારણ પર ભાષણ ન આપવાની શરત તેમણે પોતાના પર અને કાર્યકરો પર લાદી હતી. પ્રજાનું દુઃખ દૂર કરવા માટે તે ત્યાં આવ્યા હતા, આંદોલન કરવા માટે નહીં. ગાંધી જાણતા જ હતા કે કોઈ પણ આંદોલન કરો, છેવટે તેનું રાજકારણ થાય છે જ.

ગાંધીએ પ્રજાનાં નિવેદનો લખીને લેવાની શરૂઆત કરી. દરરોજ ખેડૂત-કાર્યકરોને લઈને બેસતા. કાર્યકરો નિવેદન લખતા. કાર્યકરો મધ્યમવર્ગીય, ઉચ્ચવર્ણીય હતા. પ્રજા ગરીબ, અજ્ઞાની હતી. ગાંધીની આ કાર્યપદ્ધતિને કારણે બંનેમાં એકરૂપતા આવી. કાર્યકરોમાં ગ્રામીણો માટેનું અંતર દૂર થવામાં મદદ મળી. કાર્યકરો નિવેદનો લખતા. તેના કારણે પ્રજાને પોતાનું દુઃખ સાંભળનારું કોઈક છે, એ તેમની ભાવના તેમનું મનોધૈર્ય ઊંચું લાવવામાં કારણભૂત ઠરી. તેમનું દુઃખ દૂર થઈ કાર્યકરોનું ઘડતર થયું. સ્વરાજ્યનો અર્થ માત્ર ગોરાઓને ભગાડવાનો નહીં પણ લોકોની દશા સુધરશે, ત્યારે જ સ્વરાજ્ય અવતરશે, એ ગાંધીની દૃષ્ટિ તેમનામાં અવતરી.

સશસ્ત્ર બળવા માટે સશસ્ત્ર-શિક્ષણ આવશ્યક હોય છે. તે જ પ્રમાણે સત્યાગ્રહ માટે વિધાયક કાર્યના પ્રશિક્ષણની આવશ્યકતા હોય છે. પ્રજાની ચિરંતન ઉન્નતિ માટે ઉપાય શોધવો એ મહત્ત્વનું હતું. આ માટે ગાંધીજીએ ચંપારણ્યમાં ત્રણ આશ્રમશાળા ખોલી. આ માત્ર શાળા નહોતી, લોકોના એકઠા થવાનું સ્થાન હતું. ભયગ્રસ્ત જનતામાં જઈને બેસવું એ જ એક મોટું કામ હતું. શાળા ડર, અજ્ઞાન અને નકારાત્મકતાનું ઉચ્ચાટણ કરવાનું માધ્યમ હતી.

સ્વયંસેવકોને ગાંધીજીની તાકીદ હતી કે બગીચાવાળા વિરુદ્ધ ફરિયાદ આવે તો તેમાં પડવું નહીં. રાજકારણને સ્પર્શ પણ કરવો નહીં. કોઈની પણ ફરિયાદ આવે તો તેને ગાંધી પાસે મોકલી દેવા. શાળામાં ઔષધો અને ફળો એટલું જ રહેતું. સફાઈનું કામ મુશ્કેલ હતું. કૂવાની આસપાસનો કીચડ ઉપાડવાનું અભિયાન પણ શાળાએ ઉપાડ્યું હતું. પ્રૌઢોને સાક્ષર કરવા માટે રાત્રિશાળા શરૂ કરવામાં આવી હતી. કેટલાકને નવડાવીને સ્વચ્છ રહેવાના પાઠ શીખવવામાં આવતા. કોઠીવાળાને આશ્રમોની ધાક હતી. તેમનાં આડાઅવળાં વર્તનોની ફરિયાદો આશ્રમમાં આવે, તો તેનો પણ જવાબ આપવામાં આવતો. આશ્રમ એ ગામની પ્રતિષ્ઠા હતી તેમજ કોઠીવાળા અને પ્રજા વચ્ચેની સાંકળ હતી.

વિરોધીઓની બાબતમાં સૌજન્ય, તેમનું દૃષ્ટિબિંદુ સમજી લેવાની આતુરતા, વિરોધીઓમાં જે કંઈ સર્વોત્કૃષ્ટ છે, તે શોધીને તેને આપનાવવું તેમાં જ સાધુત્વ છે. સત્યાગ્રહનું તે અંગ છે. ગાંધીજીએ આશ્રમનાં કામ અંગે જિલ્લાધિકારીઓને માહિતી લખીને જણાવી અને કર્મચારીઓનો સહકાર પણ માગ્યો. તેમજ કોઠીવાળા અંગ્રેજોને પણ આ કાર્યમાં મદદ કરવાનું આવાહન કર્યું. સત્યાગ્રહીને વિરોધીઓ પર વિશ્વાસ મૂકતાં ક્યારેય ડર લાગતો નથી. ગાંધીજીની આ કાર્યશૈલીની પ્રજા પર અસર ન થાય તો જ નવાઈ! ગાંધીની ઉપસ્થિતિને કારણે લોકોનું મનોધૈર્ય વધ્યું, ભય ઓછો થયો. લોકોને સામર્થ્યની જાણ થવા લાગી. ખેડૂતો જમીન-મહેસૂલ ભર્યાની પાવતી કોઠીવાળા પાસે માગવા લાગ્યા. ઢોરોને ગેરકાયદેસર ડબ્બામાં પૂરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

સત્યાગ્રહ એ જેમ અન્યાય-નિવારણની લડત છે, તેમજ તે આત્મશુદ્ધિની પણ લડત છે. આ માટે બાહ્ય આચરણ કેવું હોવું જોઈએ, તેનો પાઠ ગાંધીજીએ કાર્યકરોને શીખવ્યો. બીજાના હાથનું ક્યારેય ન જમનારા રાજેન્દ્રબાબુ સામૂહિક રસોડામાં જમવા લાગ્યા. પોતાનાં કપડાં પોતે ધોવા લાગ્યા. પોતાનાં એંઠાં વાસણો જાતે ઘસવા લાગ્યા. ત્રીજા વર્ગમાં પ્રવાસ કરવાનું તેમને અપમાનજનક લાગ્યુ નહીં. ગાંધીજીની સાદગી તેમને લોકોની નજીક લઈ જવામાં કારણભૂત ઠરી.

ગાંધીજી ગામડાંની મુલાકાતો લેતા હતા. નિવેદનો લખી લેતા હતા. તે જ પ્રમાણે પ્રજાને થનારા અન્યાય અંગે કોઠીના મૅનેજરોને જવાબ પણ પૂછતા હતા. ગળીવાળાઓએ ગાંધીના પાછા પાડવા માટે અને તેમનું કાર્ય નિષ્ફળ કરવામાં કોઈ કસર છોડી નહોતી.

યુરોપિયન ડિફેન્સ ઍસોસિયેશને ઠરાવ મંજૂર કર્યો. આ ઠરાવ પ્રમાણે સરકારને ચંપારણ્યમાં શાંતિ જોઈતી હશે, તો તેમણે ગાંધીજી અને તેમના સહકાર્યકરોને તાત્કાલિક ચંપારણમાંથી કાઢી મૂકવા, એવો તેમનો આગ્રહ હતો. આ બધાને પરિણામે બિહાર સરકારે ગાંધી સાથે વાતચીત કરી અને છેવટે એક તપાસસમિતિની નિમણૂક કરી. બિહાર સરકારે આગ્રહપૂર્વક ગાંધીને આ સમિતિના સભ્ય થવાની ફરજ પાડી અને તે માટે ગાંધીની શરતો પણ માન્ય રાખી. સત્યાગ્રહનો આ વિજય જ હતો.

સમિતિએ તીનકઠિયા પદ્ધતિ રદ કરવાનું સૂચન સરકારને કર્યું. અન્ય નાની-મોટી અન્યાયકારક બાબતો અંગે ગાંધીએ હઠ કરી નહીં. તીનકઠિયા પદ્ધતિ જશે, તેની સાથે જ અન્ય બાબતો પણ આપોઆપ જશે અને કોઠીવાળાઓને ચંપારણ્યમાં રહેવાની મુશ્કેલી પડશે, એવી ગાંધીની ધારણા હતી. છેવટે ગાંધીની રણનીતિ અને પ્રજાની એકજૂથતાના પરિણામસ્વરૂપ સરકારે ચંપારણ્ય ખેતીકાયદો મંજૂર કર્યો.

નવો કાયદો થતાં જ ગળીવાળા પોતાની જમીન, કોઠી અને ઢોર-ઢાંખર વેચીને નીકળી ગયા. ગાંધીજીના જવાથી તેમનો દબદબો ઘટ્યો હતો. માત્ર સામાન્ય જમીનદારના રૂપે જ તે ત્યાં રહી શકવાના હતા. તેમાં તેમનું ગાડું ચાલવાનું નહોતું. પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયું હતું. વસ્તુની કિંમતો વધી હતી. તેણે તેનું હતું-નહતું તે બધું વેચી નાખ્યું. પૈસા સારા મળવાથી ગળીવાળાને પણ નુકસાન થયું નહીં અને પ્રજાને પણ મુક્તિનો આનંદ મળ્યો.

આચાર્ય કૃપાલાની લખે છે,'આ આંદોલન શુદ્ધ રૂપે આર્થિક હતું. પરંતુ ગાંધીજીએ ક્યારેય અર્થકારણને રાજકીય અને સામાજિક સુધારણાથી વેગળું કર્યું નહીં. ચંપારણ્ય અને સામાન્યતઃ બિહારની જનતાની આત્મસન્માનની ઉપલબ્ધિ રાજકીય મૂલ્યો કરતાં મહાન હતી.' સ્વાતંત્ર્ય-લડતનો આ અહિંસાત્મક શુભારંભ હતો.

E-mail : sampurna.kranti1975@gmail.com

**[અનુવાદ : કાશ્યપી મહા]**

# પૂર અને દુકાળ : ખુદનાં પાણીનો સવાલ? / વાસુદેવ વોરા

**'નિરીક્ષક'ના** ૧ સપ્ટેમ્બર ૨૦૧૬નાં અંકમાં પૂર વિશેના શ્રી વિશાલ શાહના લેખમાં સંક્ષેપમાં પણ મૂળભૂત મુદ્દાની રજૂઆત થઈ છે. આ લેખ વાંચીને એક પુસ્તિકા યાદ આવી ગઈ – 'પ્રકૃતિનો ક્રોધ – પૂર અને દુકાળ પર પર્યાવરણના વિનાશનો પ્રભાવ'. સેન્ટર ફોર સાયન્સ ઍન્ડ એનવાયરમેન્ટ, નવી દિલ્હીના અંગ્રેજી પ્રકાશનનો તે ગુજરાતી અનુવાદ છે. સને ૧૯૯૦માં પ્રકાશિત તે પુસ્તિકાની વિગતોના આંકડાઓમાં હવે આજે ૨૦૧૬માં પ્રકાશિત તે પુસ્તિકાની વિગતોનો વધારો જ થયો છે : પૂર અને દુકાળના માનવજીવન પરના પ્રભાવમાં વધારો. કેટલાક દશકા પહેલાં 'ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં આર. કે. લક્ષ્મણનું કાર્ટૂન હતું. પૂરનું હવાઈ નિરીક્ષણ કરતા વડાપ્રધાન – માત્ર એક પછી એક વર્ષનો આંકડો બદલે છે, બાકી ચિત્ર એનું એ જ દર વખતે રહે છે. આ માટે શું આપણે પ્રકૃત્તિને દોષ દેવાનો છે? ઉપર જણાવી તે પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે, 'અનેક નિષ્ણાંતો હવે પૂર અને દુકાળ જેવી ઘટનાઓને માનવસર્જિત આફતો કહેવાનું વધુ પસંદ કરે છે… વળી વિશ્વમાં સૌથી વધુ આફતગ્રસ્ત દેશ ભારત ગણાય છે. આપણા દેશની સાંસ્કૃતિક વૈવિધ્યતાની જેમ ભૌગોલિક વૈવિધ્યતા પણ અદ્ભૂત છે. આટલા વિશાળ ભૂપૃષ્ઠ માટે તે અસ્વાભાવિક છે. મતલબ, પૂરા દેશ માટે એક સમાન આયોજનની રીત જ પાયાની સમસ્યારૂપ ગણાવી જોઈએ.'

સૌરાષ્ટ્રના કિસ્સાનો અહીં વિચાર આવે. પંજાબની જેમ અહીં ખેતીમાં હરિયાળીક્રાંતિનો અમલ કરવાથી શું આ વિસ્તારને લાભ થયો ગણાય? અહીંની ભૌગિલિક સ્થિતિ અને સિંચાઈની મર્યાદાને કારણે જમીનમાં પાણી એટલું ખાલી થઈ ગયું કે દુકાળમાં ટકી રહેવાની ક્ષમતા પૂરી થઈ ગઈ. સને ૧૯૮૬-૮૭ના દુકાળમાં રાજકોટને રેલવે મારફત પીવાનું પાણી પહોંચાડવું પડ્યું હતું. પશુપાલન અને ખેતીની આવી પરિસ્થિતિમાં જે હાલત ઊભી થઈ, તેને લીધે યુવાનો મોટાપાયે ગામડાં છોડવા મજબૂર બન્યા. આ પાણીદાર પ્રજાએ જોકે, સુરત જઈને હીરામાં હાથ અજમાવ્યો અને આજે ત્યાં મીની સૌરાષ્ટ્ર વસી ગયું છે. પણ અહીં ગૌચર, ઘાસની વીડિયો લગભગ ખતમ થયાં અને જમીનમાં પાણીનાં તળ ઊંડા ને ઊંડા જતાં ગયાં. આ ધરતી ઉપર ઘાસનું આવરણ એક પ્રાકૃત્તિક વ્યવસ્થા છે, જેને લીધે અહીંની પથ્થરાળ જમીનમાં ભેજ જળવાઈ રહે અને અત્યંત કિમતી ઓછા દળની માટી વરસાદમાં ધોવાઈ ન જાય. વળી, પાણીનાં તળ ઊંડા જવાનું પરિણામ એ આવ્યું કે દરિયા કિનારાના મોટા વિસ્તારમાં ક્ષારિકરણ વધવાથી લીલીના ઘેર જેવી જમીનો બીનઉપજાઉ બની ગઈ. ચોખામંડળ જેવા વિસ્તારમાં મીઠાઉદ્યોગને લીધે ખારાં પાણીને રોકનાર ચેર વનસ્પતિનો નાશ પણ કિનારાની જમીનોમાં ખારાશ વધારવામાં કારણરૂપ બની.

ગુજરાતમાં હવે, નર્મદા નદી ઉપર સરદાર સરોવર બંધ બંધાયા પછી ક્યારેક આવતાં વિનાશક પૂરની શક્યતા ટળી ગઈ, પણ દુકાળ, ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં, તો હજુ પોતાનો પ્રભાવ બતાવે જ છે. તે ઘટના નવી નથી. તે સ્વાભાવિક ક્રમમાં કુદરતી રીતે બનતી રહે છે. તે શક્યતાના અંદાજથી અહીંની પ્રજા પોતાની પરંપરાગત વ્યવસ્થા પ્રમાણે ખેતીના પાકની અને પાણીના વપરાશની જીવનશૈલી ધરાવતી હતી. આમ છતાં, કપરા કાળમાં ઘણા લોકો ટૂંકા ગાળા માટે સ્થળાંતર પણ કરતા. કાયમી સ્થળાંતર જે મોટા પાયે ખેતીમાં હરિયાળીક્રાંતિના અમલ પછીના દુકાળોથી શરૂ થયું તેવું પહેલાં ક્યારેય નથી બન્યું. ખરેખર આફત તો આવી પરિસ્થિતિને કહેવાય.

દુકાળની આ ઘટના સમાજજીવનમાં અનેક પ્રકારની આનુષાંગિક ઘટનાઓનું કારણ બને છે, પરંતુ પ્રકૃતિની નૈસર્ગિક ઘટનામાં ધરતીની હાનિમાં આપણી પ્રવૃત્તિનો ફાળો તો નથીને? કેમકે તેને થતું નુકસાન માનવવ્યવસ્થાને ઘણું વધુ ભારે પડી શકે છે. અત્યારે સુધીના અનુભવે આપણે આ સવાલનો નકારમાં જવાબ આપી શકીએ તેવી સ્થિત નથી. ધરતીના પુત્ર થઈને જીવતા લોકોને જો તેના ધણી થઈને જીવવાના રવાડે ચડાવવામાં આવે તો માનવસમાજને અક્ષમ્ય નુકસાન વેઠવાનો વારો આવે.

દુકાળના પ્રભાવનાં બદલાતાં આ ચિત્રનો વિચાર કરવો ઘટે છે. ગયા ઉનાળાની જ વાત છે. દેશમાં દશ રાજ્યોનો કરોડો લોકો દુકાળનો ભોગ બનીને પાણીની ભયંકર તંગીનો સામનો કહી રહ્યાં હતાં. તેમ છતાં ગુજરાત, બિહાર અને હરિયાણાની રાજ્ય સરકારોએ તેને અવગણવાનું વલણ લીધું, ત્યારે એક પીઆઈએલના કારણે સુપ્રિમ કોર્ટે 'આ સરકારોની શાહમૃગવૃતિ ગણાવીને' સખત નારાજગી વ્યક્ત કરીને જણાવ્યું કે 'સમાજમાં સૌથી નબળાલોકો આનો ભોગ બને છે, તે ખૂબ જ પીડાદાયક છે.' મુક્તવ્યાપારમાં આર્થિક ઉદારીકરણને પચ્ચીસ વર્ષ થયાં તે નિમિત્તે વિશેષાંક (૫-૦૮-૨૦૧૬)માં 'ફ્રન્ટલાઈન' મેગેઝિને નોંધ્યું છે કે 'આર્થિક સુધારાના પચ્ચીસ વર્ષ દરમિયાન નબળાવર્ગના પ્રતિસ્પર્ધીઓ સાથે મધ્યમવર્ગના લોકો જોડાઈ ગયા છે. શોષિત સમુદાય પ્રત્યેની તેમની સંવેદના હવે અદશ્ય થવા લાગી છે.'

ગુજરાતનું રાજકારણ પણ ખેતીના વ્યવસાયમાં ચડાવ-ઉતાર સાથે જોડાયેલું છે, ત્યારે દુકાળના પ્રભાવ વિશે કેવી રીતે કામ લેવામાં આવે છે તે સમજવું બહુ જરૂરી બની જાય છે. નર્મદાનાં નીરના એક સ્રોત પર બહુ મોટો મદાર બાંધવામાં આવ્યો છે. અત્યારના સંજોગોમાં તે સૌથી સબળ આધાર તો છે જ, પરંતુ મર્યાદિત પાણીની વધતી જતી માંગની પરિસ્થિતિમાં જીવતા સમાજ માટે ધરતી, પાણી અને હવા સાથેના તેના વ્યવહારમાં શું કોઈ નવા સુધારા કરવાની જરૂર નથી, કે જેથી માત્ર બંધમાં વરસાદને જ લીધે ભરાતાં પાણી ઉપર જ વધુને વધુ વિકાસનાં સપનાં સાકાર કરવાનું જોખમ લેવું અનિવાર્ય ન બની રહે? દુકાળના વિવિધ પ્રકારમાં, ખેતી-પશુપાલનમાં જરૂર માટેનાં પાણીની અછત પણ એક દુકાળ ગણવામાં આવે છે, જેને કૃષિ-દુકાળ કહે છે. ગુજરાતમાં વાઇબ્રન્ટ અભિગમથી થઈ રહેલ ઔદ્યોગિક વિકાસ માટે પણ પર્યાપ્ત જળની ઉપલબ્ધતા જરૂરી બની જાય છે. અને છેલ્લે, વધતાં, શહેરીકરણ અને જીવનશૈલીના બદલાવ પણ વ્યક્તિદીઠ વધુ પાણીની જરૂર ઊભી કરે છે.

જળવ્યવસ્થાપન હવે કોઈ નવી વાત નથી. તેના આનુષંગિક કાયદાઓ અને ટપક સિંચાઈ સહિતની ટેક્નોલોજીના અમલમાં સંપૂર્ણ રાજકીય નિષ્ઠાની અનિવાર્ય રીતે જરૂર છે. કેમ કે તેમાં અધકચરા મન કે 'હોતા હૈ, ચલતા હૈ' જેવાં વલણ માત્ર જળની અવ્યવસ્થાપૂર્ણ વ્યવસ્થામાં જ ઉમેરો કરે છે. પરિણામે જળસંટક સતત બન્યું રહે છે. આજનો આપણો સમાજ હરિયાળી ક્રાંતિ વખતના સમાજ કરતાં જુદો છે. અનુભવે કાંઈક શીખ્યો પણ હોય. રાજકીય નિષ્ઠા તેણે પણ બતાવવી જરૂરી છે. લોકશાહી સમાજ પોતાની રાજકીય સુઝબુઝમાં ઊણો ઊતરે તો આખરે તેણે જ ભોગવવા વારો આવે. વિકાસ માટેની આ પણ એક આવશ્યક શરત છે.

હરણી, વડોદરા

# સમૂહ-માધ્યમોનો રાષ્ટ્રવાદ/ભરત મહેતા

**આજે** જેમને ટીવી જોવાની ટેવ હશે તે સહજતાથી સમજી જશે કે પત્રકાર એટલે જેટલું જેનું ગળું સારું હોય, જે બૂમબરાડા પાડવાની ક્ષમતા ધરાવતો હોય એ! પત્રકારો આજે સરકારી પ્રચારકો બની ગયા છે. જ્યારે એક તબક્કે નિર્ભીક પત્રકારત્વ જોવા મળતું. જે આજે વિરલ થઈ રહ્યું છે. 'નવભારત ટાઈમ્સ'ના જાણીતા પત્રકાર દિવંગત રાજેન્દ્ર માથુરે અડવાણીની સોમનાથથી નીકળેલી ટૉયોટૉવાનવાળી રથયાત્રા વખતે સંપદકીય લખેલું - 'શેર કી સવારી', નખશિખ રાષ્ટ્રવાદી પત્રકારનો આ લેખ ભવિષ્યવાણીની જેમ આજે સાચો પડ્યો. અડવાણીની રથયાત્રાના મૅનેજર નરેન્દ્ર મોદીએ અડવાણી માટે આ ભવિષ્યવાણી સાચી ઠેરવી! ધર્મકેન્દ્રી ઝનૂની રાષ્ટ્રવાદની પરિણુતિ અખલાક કે ઉના સુધી વિસ્તરતી જોવા મળે છે.

મનોવિશ્લેષણના પિતા મનાતા ફ્રૉઈડના ભત્રીજા ઍડવર્ડ બર્નીજ પ્રચાર અને જનસંપર્કના મનોવિજ્ઞાનના પિતા મનાય છે જેમને 'Propaganda' નામનું પુસ્તક લખ્યું છે. બહુસંખ્યક સંભ્રાત નાગરિકોનું માનસનિર્માણ પ્રચાર દ્વારા કરવામાં આવે છે. સમાજવિજ્ઞાની ડાલ્ટન કોનોલીએ પણ વર્ચસ્વ ધરાવતો વર્ગ આ દ્વારા બહુજનની 'સહમતિ' પોતાની વિચારધારા માટે મેળવી લે છે તે બતાવ્યું છે. એક વેળાએ નરેન્દ્ર મોદી માટે કામ કરતા પ્રશાંત કિશોર હવે નીતિશકુમારની જીતનું શ્રેય મેળવે છે ! ચૂંટણી નજીક આવે તેમ આવી સુપરહીટ ચીજો વધતી જાય છે. જે નાગરિકોનું રૂપાંતર ચાહકો, ભક્તો (Fan)માં કરી નાંખે છે. જે પાણીપૂરી ખાતાં-ખાતાં 'India is Indira' કે 'I Love Modi' લખવા માંડે છે!

આજે કોઈ પત્રકાર સરકારની ટીકા કરે એ રાષ્ટ્રદ્રોહી પત્રકાર ગણાય! સરકાર એ રાષ્ટ્ર નથી. વડાપ્રધાનની ટીકા કરે એ પત્રકાર રાષ્ટ્રવિરોધી! આ માનસિકતા આજે દૃઢ થતી જાય છે. કાશ્મીરના 'ક' પણ કોઈ પત્રકાર બોલે, તો એ રાષ્ટ્રવિરોધી! વિભીષણની કથાનો આ દેશમાં આજે વિભીષણવૃત્તિ ટીકાપાત્ર ગણાય છે. 'રાષ્ટ્રપ્રેમી' પત્રકારો ગાળ દેવા માટે એક શબ્દ વાપરતા થયા છે અને એ શબ્દ છે - 'બુદ્ધિજીવી' ! જાણે શું પત્રકારો બુદ્ધિજીવી નથી? આવી ગાળો સમાજની વૈચારિક બીમારી સૂચવે છે.

લોકશાહીના ચોથા સ્તંભ સમા પત્રકારત્વમાં આજે રાષ્ટ્રવાદનો ગોકીરો મચ્યો છે. એકાએક મીડિટાની યજ્ઞશાળામાં રાષ્ટ્રવાદનો ઓવરડોઝ દેખાય છે. શું એની પાછળ રાજનીતિ નથી? શું આ શબ્દ ફૅશનદાખલ વપરાઈ રહ્યો છે કે ઊંડી નિસબતથી? જેના માટે શાની લારીથી માંડી સંસદ સુધી હોબાળો મચી જાય છે! અબજો રૂપિયાના (૧૧૦૦ બિલિયન કરોડ) આ વ્યવસાય માટે આ રાષ્ટ્રપ્રેમ બજારુ માલ નથી? રાષ્ટ્રપ્રેમ T.R.P.નો ભાગ છે. ૭૫૦ ચૅનલો શું સ્વાન્તઃસુખાય ચાલે છે? ટીવી સેટ 'યુદ્ધખંડ' (War-room)માં પરિવર્તન થઈ રહ્યા છે. ફેસબુક કે ટ્વીટર પર તો પગાર આપીને Trolling માટે માણસો રોકવામાં આવી રહ્યાં છે. જે વીણીવીણીને 'રાષ્ટ્રદ્રોહી'ને અશ્લીલ ગાળોથી એવા નવાજે કે રવીશકુમારે મેદાન છોડી દેવું પડે! જો સાંસદો જ માયાવતી, સ્મૃતિ ઈરાની કે સોનિયા ગાંધીને અશ્લીલ શબ્દોથી નવાજતાં હોય તો, કૂવામાં હોય તે હવાડામાં આવે. પણ જો હવે સમૂહ-માધ્યમો પણ આમાં જોડાઈ જાય તો ? આજે બરખા દત્ત સાથે, કારગિલની બાહોશ પત્રકાર સાથે સહવ્યવસાયકર્મીઓ આ જ ભાષા વાપરી રહ્યા છે. રાષ્ટ્રવાદની જેમ આજે મીડિયાનું એક વલણ ભારતીયતાનું ઊમટેલું મોજું પણ છે. શિલ્પા શેટ્ટીથી શરૂ થઈ બાબા રામદેવ એના બ્રાંડ ઍમ્બેસેડર છે! ગાયની જેમ યોગ રાજનૈતિક હથિયાર બની રહ્યો છે.

મીડિયાની કેટલીક ઘટનાઓ પણ એમની રાજકીય ગોઠવણોનો સીધો પુરાવો પૂરો પાડે છે. ઉત્તરાખંડની તબાહી વખતે ૧૭,૦૦૦ પત્રકારો કે સેના જ્યાં જઈ શકી ન હતી, ત્યાં એકાએક ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પહોંચી ગયા હતા! આજે આવા પૂર્વયોજિત (Planned Story) સમાચારો મીડિયાની વિશ્વસનીયતાને હાનિ પહોંચાડે છે! કન્હૈયાકુમારની મુલાકાત લીધા પછી ટેક્નોલૉજીનો લાભ લઈ સ્મૃતિ ઈરાનીની મિત્ર પત્રકાર પાકિસ્તાનનો નકશો એની પાછળ ગોઠવી દે! આજે આવી કપટપૂર્ણ નીતિઓ પકડાઈ ગઈ છે, પણ કેટલી નહીં પકડાઈ હોય તેનું શું? કન્હૈયાકુમારની છબી ખરાબ કરનાર આ પત્રકાર મહિલાને શી સજા થઈ? ગુજરાતના મુખ્યમંત્રી ભારતના વડાપ્રધાન બનવાની તૈયારીમાં હોય કે તરત શૅરબજાર સડસડાટ ઊંચું ચાલ્યું જાય! કશી ટીકાટિપ્પણ વિના આ ઘટના 'બ્રેકિંગ ન્યુઝ' બની જાય!

ગુડગાંવમાં પાણી ભરાય અને અનેક વેપારીઓ અટવાય એ બ્રેકિંગ ન્યુઝ, પરંતુ આસામના સમાચાર માટે આપણે પ્રતીક્ષા જ કરવાની! મુંબઈમાં રાષ્ટ્રવાદી શિવસૈનિકો યુ.પી., બિહારના કામદારોને મારે એટલે તો રાષ્ટ્રવાદથી મોટો 'મહારાષ્ટ્ર' વાદ થઈ જાય! આ રાષ્ટ્રવાદની ટીકા આપણી ચૅનલો કરતી નથી. મણિપુર કે કાશ્મીરમાં ચાર-ચાર મહિના કરફ્યુમાં શાળાઓ બંધ રહે, એ સમાચાર તો આપણને વર્ષો પછી મળે!

મીડિયાની નિસબત બીજે દેખાતી નથી, એટલે એવું લાગે કે હિન્દુ રાષ્ટ્રવાદનું બજાર છે અને મીડિયા એ માલ વેચે છે! આજે ગુજરાતના કેટલાક કૉલમવીરોમાં આ વલણ ચોખ્ખું દેખાય છે. જાણે કે આર.એસ.એસ.ના મુખપત્રમાંથી સીધા ઝિલાયેલા હોય એવા લેખો હોય છે. જો (Newsroom)એ વૈવિધ્યપૂર્ણ (Diversity)થી ભરેલો હોત, તો રાષ્ટ્રવાદમાં દલિત, લઘુમતિ, આદિવાસી બધાનો સમાવેશ થતો જાય. એ દેખાતું નથી. રઘુવીર સહાયની એક કવિતા યાદ આવે,

'જન ગણ મન કે ભીતર,
વહ કૌન ભાગ્ય-વિધાતા હૈ?
ફટા સુથન્ના પહને,
જિસકે ગુણ હરચરના ગાતા હૈ!'

શું આ હરચરણની ચિંતા 'રાષ્ટ્રપ્રેમી' મીડિયાને છે ? શું આદિવાસીઓ માટે લડતી, જેણે અસહ્ય પોલીસ-અત્યાચાર વેઠ્યા છે, જેના મોં પર ઍસિડ જેવું પ્રવાહી ફેંકવામાં આવ્યું એ સોની સોરી 'ભારતમાતા' નથી? એકલા ઝારખંડમાંથી ૧૦ લાખ આદિવાસીઓનું વિસ્થાપન થયું એ કાશ્મીરી પંડિતોના વિસ્થાપન જેટલી સમસંવેદનાનો વિષય બનતું નથી ! એ માટે ફેફસાંમાંથી રાડ પાડવાની 'અર્બન' ગોસ્વામીની તાકાત કેમ નથી?

છતાં પ્રશ્નો પૂછવાની પરંપરા અટકવાની નથી. પ્રશ્નો પૂછનારને રાષ્ટ્રદ્રોહી કહેવાની પરંપરા તો છેક સોક્રેટિસથી જ છે. એમને સજા

*અનુ. પૃ. ૧૬ ઉપર*

# ભેલાણ / પ્રવીણ પંડ્યા

ગામમાં ઓછું ને ખેતરમાં ઝાઝું રહેતો જુવાન
મધરાતે ખખડાટ થયો ને જાગ્યો,
પછી
તો આવ્યા વાડ તૂટવાના અવાજો.
એણે જે માચડા પર સૂતો હતો,
એના પર ઊભા થઈ
ઊંઘરેટી આંખે નીચે જોયું.
આખે આખાં ખેતરમાં
જાણે તગતગતા અંગાર  દોડતા હતા.
આંખો ચોળીને ઉપર જોયું
તો
તારા ત્યાં જ હતા જ્યાં હોવા જોઈએ,
ત્યાં તો
કાનમાં ધગધગતું સીસું રેડાતું હોય
એમ સંભળાયા હિંસક હુંકાર
નાકમાં પ્રવેશી દેહમાં કંપારી વછૂટે
એવી પશુઓની દુર્ગંધ
સહેજ વધુ આંખ પહોળી કરી જોયું
તો દેખાયાં કદાવર પશુઓનાં ધણ
અને સાક્ષાત થયું ભેલાણ.

કડડભૂસ થતા જમીનદોસ્ત થયા
જટાજૂટ વડવાઈવાળા વડલા.
ગીધ મૃત પશુનાં આંતરડાં ઉતરડે
એમ તડાતડ થતી
પશુઓનાં શિંગડે ભેરવાઈ
માટી સોતી ઊખડતી હતી વડવાઈ.
હિંસક  જડબાંમાં
ભચડભચડ  કરતા ભચડાતા હતા
આકાશ સામે અપેક્ષાથી જોતા કુમળા છોડ.
જે જોયું હતું
તે બધું
મુલાયમ કૂંપળ ફૂટેલી ક્યારીઓમાં
ઊંડે સુધી ભોંકાઈ ગયેલી ખરીઓનાં નિશાન  જેમ
કોતરાઈને સદા રહેવાનું હતું અંદર.
પણ
અત્યારે તો
એનો માંચડો તૂટે
એ પહેલાં ભાગવાનું હતું.
જવાનું હતું ખેતરની બહાર,
કેમકે
નહીંતર એને ભરખી જવાનું હતું
આ ભેલાણ.

ફળિયાના ખાટલામાં બેઠા-બેઠા
અંધકારમાં તાકતા છોકરાને
ચારપાંચ પ્રતાપી જણ
ને બે-ત્રણ હિંમતવાન સ્ત્રીઓ
જોઈ રહી હતી.
‘શું દેખ્યું ભાઈ,
આજકાલ સારા દિવસો નથી ચાલતા
આંતરે દા'ડે
સીમમાંથી મળે છે
છોડિયુંનાં પીંખાયેલાં શબ.
છેવાડાનો વાસ તો
ભીંતે લટકેલા ઢોલના ચામડાની જેમ
હવાથી ય ધ્રૂજવા લાગે છે
તડકો તો ચામડી બાળે એટલો વધતો જાય છે,
પણ
જાણે હવામાં આંજણ ઘોળાતું હોય,
એમ ગાઢ થતું જાય છે અંધારું.
ભજનિકો ભજન નથી ગાતા,
ભવાયા રમતા નથી ભવાઈ,
રાવણહથ્થાવાળાય આવતા નથી આણી કોર
કવિઓ ઊંધી કલમ પકડી
મન ખોતરતા હોય એમ
ખોતરતા રહે છે કોરા કાગળ
આવામાં
તું
કિયા બાપનો દાટેલો લાડવો કાઢવા
પડ્યો-પાથર્યો રહે છે ખેતરમાં?
બોલ તો ખરો
શું દેખ્યું?'
‘ભઅ ભઅ
ભેલાણ...
આપણા
ખેતરમાં ભેલાણ'.

આપણા ખેતરમાં!
ભેલાણ!
એ તો સરકારી અભયારણ્યનું,
કોઈક  રડ્યું-ખડ્યું
ઘૂડખર ઘૂસી આવ્યું હશે
કે પછી ઘોડું-ગધાડું ખૂંટ કે ખચ્ચર
કાં તો તેં ભાળ્યો હશે કો'ક તાંત્રિક અઘોરી કે....
‘ના ભા,
ભેલાણ જ છે.
અનેક તગતગતી આંખે
દોડતું હતું આપણા ખેતરમાં
ચાર-પાંચ વિદૂષક
ચટાપટાવાળાં ચળકતાં લૂગડાં પે'રી
લાંબાં-લાંબા અટ્ટહાસ્ય કરી
ચાડિયા સામે નાચતા હતા
ને' એક વડો વિદૂષકેય ઊભો હતો
સરકારમાં હોય છે એવો.
પીઠ પાછળ ભોંકાતી છરી જેવા હાસ્યવાળો
પેલા દબાણ હટાવવા આવે ત્યારે
એમની ભેગો એમના  ઉપરી જેવો હોય છે એવો.
ભા
શું આપણે
કર્યું છે
સરકારની જમીન પર દબાણ?
તો પછી
શાને થયું
આ ભેલાણ ?'

ગામવાળાના ગળે ઊતરતી નહોતી વાત
ને કેમની ઊતરે
એમણે તો રાખ્યા હતા
રખોપિયા
પેઢી-દર-પેઢીથી
ઊંચા-ઊંચા ઘોડા પર બેસી
દબદબાભેર ગામમાં નીકળતા,
ખભે લટકતી હોય
રુસ્તમ પારસીએ દીધેલી બેનાળી બંદૂક
માથે  હોય
ગામનાં મહાજનોએ બંધાવેલા
રેશમી લાલ સાફા,
દેહ પર શોભતા હોય,
ડામર દરજીએ સીવેલાં અચકન-બ્રિચીસ
ને પગમાં હોય ભૂરા મોચીએ બનાવેલા
ચામડાના  ચમકતા કાળા હોલ બૂટ
ચહેરા પર નીતરતી હોય,
પેઢી-દર-પેઢીથી કમાવેલી ખુમારી
ગામવાળાએ યાદ કર્યા રખોપિયા
એટલે
યુવાનના મનની ક્યારીમાં કોતરાયેલી
કેટલીક ખરીઓ
ફરી સળવળી
ને
એ બોલ્યો-
‘એ રખોપિયાને
જોયા
સગી આ બે આંખે
પેલા વડા વિદૂષકનો
હાથ મિલાવી સત્કાર કરતા
પછી ઊભા રહી ગયા.
આપણા ખેતર તરફ પૂંઠ કરી.
ઊંચા-ઊંચા ઘોડા પર
અંધારામાં
ફૂસ ફૂસ કરી ફૂંકતા હોકલી
એના તિખારામાં
મેં એમને બરાબર જોયા.
કે' તા હો તો નામે કહું
હવે બીજું શું સાંભળવું છે તમારે?'

જુવાન આંખેદેખ્યું કહેતો હતો
પણ
ગામવાળાને ગળે નહોતું ઊતરતું
તેં વાનપ્રસ્થાશ્રમમાં ચાલ્યા ગયેલા

અનુભવી જ્ઞાની ભગત
ચીપિયો પછાડતા પડમાં પ્રવેશી બોલ્યા
'પૂર્વજોનું કર્યું ધૂળ કરવા બેઠા છો?
ભૂલી ગયા કે
આ ખેતર તો આપણું જ હતું પહેલેથી
ને તોય ખાત્રી માટે સરકાર પાસેથી
તાંબાના પતરે લખાવીને
લીધું હતું ઉમાશંકર જોશીએ
માની લો ને છોકરાની વાત
કે
થયું છે ભલાણ.

બે-પાંચ જણાં
ઊભાં થયાં
બાંયો ચડાવી
આખા પરગણા સામે મૂક્યો
એક લીટીનો પ્રસ્તાવ
'આપણા ખેતરમાં નહીં સાંખીએ ભેલાણ.'

આમ તો અમારા પરગણામાં
કક્કા-બારાખડી જેવી એકતા
વચ્ચે-વચ્ચે હોય થોડી  કોરી જગા
સહુ ભેગા થઈ ઉત્સવો ઉજવે
એમાં સારા સારાનો
ને
ભૂંડા ભૂંડાનો ભાગ ભજવે
કેટલાક આગળ પડતા લોકો
પિરસણિયા થઈને
પહેલાં પોતે મોટા લાડુ લઈ લે.
કેટલાક કાયમ એમની પાછળ-પાછળ રહે
ને લાડુડીથી મન મનાવી લે.
કેટલાકનો તો પાટલો જ  ન મંડાય.
નાયક આવે
તો ભોજક  રિસાય
મહેતા સમુંસૂતરું ચાલે,
તો જોશી ઠરડાય.
પાઠક કહે હું છું
પણ
પે'લા ત્રિવેદીને લાવો.
ત્રિવેદી કે' શુકલને બોલાવો,
શુકલ કે, સોની મારો સાથી,
સોની કહે હું કહું એની  કરો બાદબાકી.
આમ, લડતાં-ઝગડતાં
સહુએ બધુંય ભેગા થઈને કરેલું
પણ
ક્યારેય સંગઠિત  થઈને યુદ્ધ નહોતું લડેલું.
ઇતિહાસ જોયા કરે સહુની સામે
સહુ વિચારે કોણ ચડશે  સમયના ચાકડે
અને
ત્યાં નિર્ભીકતાથી
ખુલ્લેઆમ
ચાલે ભેલાણ.

અહીં મને-કમને
કેટલાકે
એ વાત પણ ધ્યાને લીધી
કે
બીજાને ભરોસે રહેવા કરતાં
આપણે જ રક્ષવું જોઈતું હતું આપણું ખેતર.
હમણાં-હમણાંથી
સામાન્ય થઈ પડી હતી
બાવાઓની આવ-જા.
ફકીરોય લોબાનના ધૂપ સાથે આવતા હતા
કૅમિકલના વેપારીઓ
લીલાં-ભૂરાં પાણી
છોડતા હતા આપણા ખેતરમાં.
સરકારને પણ રસ હતો
આપણા ઊભા પાકનો વીમો પકવવામાં
ઊંધે રવાડે ચડેલા
કફેની ભાગિયાઓ
ખેતર ગીરવે મૂકી.
હાથે મોગરાના ગજરા બાંધી
માણવા માંગતા હતા નગરનું રાત્રિજીવન
પાંચે પાપ
ભેગાં થયાં હતાં ખેતર સામે
ને
ઉપરથી ખુટ્ટલ જીવડ્યા હતા રખોપિયા-
કેટલાક વિચારતા હતા
શું
આ કારણોને લઈને જ
અંતે પરિણામસ્વરૂપે થયું હશે
આ ભેલાણ.

હવે આમ તો
ભેલાણના જવાબમાં  ભાંઠાવારી જ કરવાની હોય,
પણ
બે-એક ભણેલાને
ચાર-પાંચ કાયદાના જાણકારોએ
ઊભા રાખી દીધા
કોરટની લાંબી લાઇનમાં
ને'
પણે
આરામથી ચાલતું રહ્યું ભેલાણ.

કેટલાક  કહે :
અમારી દૂઝણી ગા વિયાંવાના ટાણે
આ શું મચાવી છે બુમરાણ?
શેઢકડાં દૂધની બરી ખાવા દો,
બરફી-પેંડા થાવા દો
પાઘડી-પટોળાં પેરવા દો,
મેળાવડામાં મહાલવા દો,
શિરપાવ મળે તે મળવા દો,
તાલ-તાશીરા થાવા દો,
અત્યારે જ શું કામ

આ ભેલાણની બૂમાબૂમ માંડી છે
એ તો પેલાય થાતું'તું
અત્યારેય થાય છે
ને
ભવિષમાંય થાતું રે'શે.
અમારા અગ્રતાક્રમે
ક્યાંય નથી ભેલાણ.

રોટલો નાંખો
ને'
તાવડી ફસકી પડે
એવું થયું ઘડી-બે-ઘડી.
કીકીમાં
પડી તિરાડો,
પરગણામાં તડા,
રાનીપશુ જેવું
પેંધી ગયું ભેલાણ,
કાંક તો બોલો
હોવ અહીં
અને
દેખાવ ત્યાં
એવા ચતુર વડીલ.

વડીલ
ઊંચી-ઊંચી અટારીએ ઊભા-ઊભા
ઊંચે-ઊંચે આભમાં જોતા-જોતા
આઘે આઘેના નિશાન તાકતાં-તાકતાં,
ગુલીવર લિલિપુટોને સંબોધે એમ બોલ્યાઃ
'અહીંથી મને દૂરદૂરનું દેખાય છે,
આપણા ક્ષેત્રમાં
ફરકે છે શાંતિની આણ.
માણસનું ચામડું
માણસના પગમાં
ખાસડું બનીને આવે,
તો ય
આપણે જાળવીએ છીએ સંયમ.
કોઈક રડ્યું-ખડ્યું
ધૂડખર
ભાગ્યવશ
આવી ચડ્યું હોય આપણાં ખેતરમાં
તો
એવું માનોને
કે
કંઈક આવ્યું છે  ને
ગયું તો નથીને
આપણી તો રીત છે
પૂછો મારી ભેગું ફરતા જોશી યોગેશને,
કોઈ કહે
કે
વાઈરસ આવ્યા છે
તોપણ

*અનુ. પૃ. ૧૨ ઉપર*

# ચાર અ-કાવ્યો/રાજેન્દ્ર પટેલ

### એક

-તો પછીથી ખાલી કરો
આ ઘર, નગર, શહેર ને પૃથ્વી
સવર્ણપુરના નગરવાસીઓ,
ને ચાલી નીકળો
મંગળ કે ગુરુ પર.

ગામનો છેડો કે પછી ગટરની અંદરનો વિસ્તાર
માત્ર અમારો નથી,
આ બ્રહ્માંડના અગણિત નક્ષત્રો અમારાં પણ છે.
આ નિહારિકાઓ
એના સૂર્યો અમારાં છે.
જેની ઊર્જાથી જ તમે જીવો છો.
અમે તો આદિકાળનો પ્રકાશ છીએ.

આ સૃષ્ટિની બધીય લપકારા મારતી જ્વાળાઓ તો
અમને તમે કરેલાં અપમાનોની
પ્રતિશોધ છે.

તમે ધારો તો ત્યજી શકો છો
તમારું કહેવાતું માળખું,
તે તો તમારું માત્ર કંકાલ છે.

ચલો હટો
આ પૃથ્વી અમારી છે, કારણ કે
અમે જ, માત્ર અમે જ, આ ધૂળનો પર્યાય છીએ.

### બે

તમે બદલી કાઢો છો
તમારો રસ્તો, અમને જોઈને
ત્યારે તમને ખબર હોતી નથી કે
રસ્તાઓ વિમૂખ થઈ જાય છે તમારાથી
અને તમને લઈ જાય છે
તમારી અંદરના એક સ્મશાન ભણી.

તમે હંમેશાં
તિરસ્કારો છો અમારા અસ્તિત્વને,
જેમ તમારું જીવન તરછોડે છે તમને
જીવતે જીવ.

તમે કાલે નહીં હોવ
તોય તમે કોઈના નામ આગળપાછળ
છુપાઈને અમારો સતત ઉપહાસ કરશો.
તમે હંમેશાં નિકંદન કાઢો છો
તમારા નામની આગળપાછળના શબ્દોનું.

શબ્દો અને અર્થોના શણગાર સજીધજી
તમે મ્હાલો છો રાતદિવસ
પણ સમજી લેજો, એક પળ માટે
અમે હટવાના નથી
તસુભર.

તમારા અસ્તિત્વ કરતાં અમારું વધુ નક્કર છે.
આ ધરતીનો ઉદ્ભવ થયો
એટલો જૂનો અમારો ઇતિહાસ છે.

### ત્રણ

અમારા પડછાયાનોય
તમને વાંધો છે,
તો ભૂંસી નાખો કાયમને માટે
તમારોય પડછાયો.

તમારા દેવ-દેવતાઓ પડછાયા વગરના છે,
એ માણસ પણ નથી.
અમે તો બહિષ્કાર કર્યો છે
જેમને-જેમને નથી કોઈ પડછાયો.

બહુબહુ તો તમારે એક ઘર છે
પણ તમે તમારી માન્યતાઓના પાંજરામાં કેદ છો
ને તમે એક હિંસક પ્રાણી છો.
આટઆટલી સદીઓ પછી પણ
તમે સમજતા નથી કે
તમે સજીવતત્ત્વથી ઘણે દૂર છો.
જ્યારે તમે હોતા નથી ત્યારે
તમારો વેરણછેરણ પારા જેવો પડછાયો
તમારો વંશવેલો અંગીકાર કરે છે.
તમે અહીં રહી જાઓ છો એમનો પડછાયો બની
અમને રંજાડતા.
તમારી પાસે માત્ર નામ જ માણસનું છે .

### ચાર

તમે અમારાં કપડાં કાઢીને
જાહેરમાં ફટકારો છો, ત્યારે
વાસ્તવમાં તમે છતે કપડે નાગા છો
અને આ સૃષ્ટિમાં સૌથી વધુ ખતરનાક પ્રાણી છો,
તમે આખી માણસ જાતને માથે
કલંક છો.

તમે જ્યારે જન્મો છો, ત્યારે
તમારી માને ખબર હોતી નથી કે
તમે માણસ થતાં-થતાં હેવાન બની જવાના છો
નહીં તો કોઈ પણ મા તમારા જેવા હિંસક વરુને
જન્મ ના આપે.

આ ધરતીનેય ખબર ન હતી કે તમે
એની ઉપરનો અતિ તુચ્છ એક પદાર્થ છો,
છતાં તમને એણે હવા,પાણી,તેજ આપ્યાં,
તમને ધાવણ અને ધાન આપ્યાં,
તમે છતાં તેના ઉપર એક સડેલું ફળ છો.

તમે નહિ હોવ તો કોઈને કશો ફેર નહિ પડે,
એક માત્ર અમને પડશે,
કારણ કે અમારા આદિમ ઘા ઉપર મીઠું ભભરાવતા
એક માત્ર તમે
અમને સદા જાગતા રાખો છો !

તમારા કરતાં તો મરેલાં ઢોર સારાં
એ મૂક પ્રાણીઓ અમારી વેદના જાણે છે.
તમારા જુલમોથી હવે એક વાત સમજાઈ છે કે
કોઈ પણ હાડપીંજર કરતાં તમે વધુ ભયાનક છો.

E-mail : rajendrapatel.ceo@gmail.com

---

**ભેલાણ ● અનુ. પૃ. ૧૧થી...**

આપણે જવાબમાં એમ કહીએ
કે
સાચવીને મૂકી રાખો કામ લાગશે',
વડીલ
આ સંબોધન સાથે
અટારીએથી સૂરજની જેમ આથમ્યા
ને હમણાં-હમણાં ઊગેલા
અનેક તારાઓ ખરી ગયા
આકાશમાં પણ જાણે,
અંધકારે કર્યું હતું ભેલાણ.

સહુનાં મન
ખેડાતા ખેતરની માટીની જેમ
ઉપરતળે થતાં હતાં
ઊભા મોલ લૂંટાયા એ તો ઠીક
પણ
બાળી મુકાયાં હતાં બીજ
કોશ, ધોરિયા ને પાળો તૂટી ગયાં હતાં
પણ સાથોસાથ
કૂવા ધસી ગયા હતા જમીનમાં
ખેતર પર કબજો જમાવી બેઠું હતું ભેલાણ
ને'
સહુ વિચારતા હતા
કે લડવાનું છે આપણે
ભલેને રખોપિયા ઊંચા-ઊંચા ઘોડે
ઊંધા બેસી હોકલી ફૂંક્યા કરે
અને આપણે બની જઈએ
માટલાના માથાવાળા ચાડિયા.
ભલેને આ વેંતવેંતના વિદૂષકો
વાંસવાંસ ઊંચા સિંહાસને ચડી
સોનાના છત્ર તળે બેસે
ને'
આપણે ધોમ તડકે
અડવાણે પગ રઝળવું પડે
પણ
લડીશુ આપણે દિનમાન ન બદલાય ત્યાં સુધી
અને અંતે
ઇતિહાસના પાને જ જવાનું છે
આ ભેલાણ.

તા.: ૪-૯-૨૦૧૬ E-mail : pjagjivandas@gmail.com

## જમીન-સુધારણાના કાનૂને કિસાનને ખેતમજૂર બનાવ્યો

**અંબાલાલ ઉપાધ્યાય**

**જમીન**-સુધારણાના નામે ગુજરાત રાજ્યમાં છેલ્લાં પંદર વર્ષથી કૃષિ જમીન સુધારણાના કેટલાક કાનૂનો અમલી બન્યા છે. જે કાનૂનોએ જમીનસુધારણાનું કોઈ કદમ અમલી કર્યું નથી. ઊલટું કૃષિજમીન શ્રમજીવી કિસાનો પાસેથી મોટા પ્રમાણમા સરકી રહી છે. જેના કારણે છેલ્લાં પંદર વર્ષથી દર વર્ષે કિસાનોની સંખ્યામાં સતત ઘટાડો થઈ, ખેતમજૂરોની સંખ્યામાં ધરખમ વધારો થતો રહ્યો છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સરકારી ખેતીલાયક પડતર જમીનોને સરકારે જમીનવિહોણા આદિવાસી, દલિત અને ઠાકોરસમાજને ફાળવી ખેડૂત બનાવ્યા હતા. તે તમામ જમીનો નવા કરારના નામે વિનામૂલ્યે ફાળવી હતી, જેના પર ખેતી કરી ગરીબ પછાત સમાજના કિસાનો પોતાના પરિવારની આજીવિકા નભાવતા હતા. તે નવા કરારની જમીનો વેચી શકાતી ન હતી. તેમ ખેતી માટે અન્યને આપી શકાતી ન હતી. તે જમીનો હંમેશ માટે ગરીબ કિસાનો પાસે રહેતી હતી. છેલ્લાં પંદર વર્ષથી રાજ્ય સરકારે નવા કરારની ખેતીની જમીનો ન વેચવાના કાનૂનમાં સુધારો કરી નાખ્યો. જેમાં પ્રીમિયમ ભરી તે જમીન નવા કરારથી જૂના કરારમાં તબદીલ કરવાની જોગવાઈ કરી. આ કાનૂનનો લાભ લઈ તેવી જમીનોના ઊંચા ભાવ આપી સફેદ કૉલરવાળો વર્ગે બિલ્ડર, ડૉક્ટર, ઍડ્વોકેટ અને મોટા અધિકારીઓએ—તે જમીનોનાં પ્રીમિયમ ભરી નવા કરારમાંથી જૂના કરારમાં તબદીલ કરી ઊંચા ભાવની લાલચમાં તે જમીનો ગરીબ કિસાનો પાસેથી વેચાણ લઈ લીધી. બે નંબરનું તે કાળુંનાણું ધરાવતા વર્ગે આવકવેરામાંથી છટકવા આવી ખેતીની જમીનમાં રોકાણ કરી લીધું. તે જમીનો પર તેઓ પોતે પરસેવો પાડી ખેતી કરતા નથી, પણ જેઓની પાસેથી ખરીદે છે તેઓને જ ખેતમજૂર બનાવી મામૂલી નાણાં આપી મજૂરી કરાવી ઉત્પાદન પોતે લઈ લે છે અને પોતાના ધંધાની ધરખમ આવક છે તેને ખેતીમાં બતાવી છટકવાના પેંતરા થાય છે.

આમ, નવો કરાર શ્રમજીવી પસીનો પાડનાર ગરીબ કિસાનને ખેડૂતમાંથી ખેતમજૂર બનાવવામાં ફળીભૂત થયો છે. સફેદ કૉલરવાળા પોતાના મુખ્ય ધંધા ઉપરાંત કૃત્રિમ કિસાન પણ બની શક્યા છે.

ટોચમર્યાદાધારો રાજ્ય સરકારે લકવાગ્રસ્ત બનાવી દીધો છે જેના કારણે સફેદ કૉલરવાળા પૂંજીપતિઓ આડેધડ બેફામપણે ઊંચા ભાવની લાલચમાં શ્રમજીવી કિસાનો પાસેથી કૃષિજમીનો વેચાણ લઈ રહ્યા છે. રાજ્યમાં ફાર્મહાઉસનો શોખ વિસ્તૃત પાયા પર વિકસી રહ્યો છે. કૃષિજમીનમાં આલીશાન ફાર્મહાઉસો બનાવાય છે. એમાં અદ્યતન રાચરચીલા સાથે સગવડો ઉપલબ્ધ થાય છે. એમાં નાનું સિનેમા-થિયેટર હોય છે, રમતગમત માટે હૉલ હોય છે, શરાબ માટે સ્પેશિયલ બાર હોય છે, નાચગાન માટે થિયેટર હોય છે. એશઆરામની તમામ સુવિધાઓવાળાં ફાર્મહાઉસો વાસ્તવમાં પસીનો પાડનાર શ્રમજીવી કિસાનોની જમીનો ઊંચી કિંમતે લઈ તેઓને ખેતમજૂર બનાવી દેવાને આભારી છે.

ખેતીની જમીનો વચ્ચે અંતરમર્યાદાના કાનૂનની જોગવાઈ રાજ્ય સરકારે જમીન-સુધારણાના નામે રદ કરી નાખી, જેના કારણે પૂંજીવાળી, બળો આડેધડ ખેતીની જમીનો વેચાણ રાખી રહ્યાં છે. છોટાઉદેપુરમાં આદિવાસીની જમીન ખરીદી લેનાર સાબરકાંઠાના વિજયનગરના પોશીનાના આદિવાસીની જમીન ખરીદી શકે છે. સુરતમાં કૃષિજમીન ધરાવનારો સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ગામડાના દલિતોની જમીન ઊંચા ભાવની લાલચમાં ખરીદી તેનો માલિક બની શકે છે. આમ, બે ખેતીની જમીનોની અંતરમર્યાદાનો કાયદો રદ કરી રાજ્ય સરકારે કૃષિજમીનને પૂંજીવાદી તાકાતોના હવાલે કરી નાખી છે. પૂર્વ ધારાસભ્ય



## હવે તો મૌલાનાને સાચા અર્થમાં સમજીએ

**શરીફા વીજળીવાળા**

**૧૬**-૮-૨૦૧૬નું ‘નિરીક્ષક’ લગભગ ૧૫ દિવસ મોડું પડ્યું. ફારુક બાવાણીના લેખનો વિરોધ કરતું ‘નિરીક્ષક’ મળ્યા પછી મૂળ લખાણવાળો અંક મળ્યો. વાંચ્યા પછી લાગ્યું, વિરોધ કરનારા તમામે સજ્જન રહીને સભ્ય ભાષામાં વિવેકપૂર્ણ વિરોધ કર્યો છે, પરંતુ મૂળ લખનારે તો મૌલાના આઝાદ વિશે લખવામાં તમામ વિવેકનો છેદ ઉડાડી દીધો છે. નવાઈ બે વાતે લાગે : (૧) આ સાહેબ ભારતભરના મુસ્લિમો વતી કઈ રીતે, કયા હક્કે મૌલાના આઝાદને ગાળ આપવા બેઠા ? (૨) જરાક ઉદારમતવાદી, મગજની બારીઓ ઉઘાડી રાખેલો મુસ્લિમ મળે, એટલે એને ગાળ જ આપવાની ?

આવા સાંકડા મનના, ટૂંકી દૃષ્ટિના લોકો જે કોમમાં હોવાના તે તમામ ન તો મૌલાનાને સમજી શકવાના, ન ગાંધીને... એટલે ગાંધીને ગોળી મારનારા પણ નીકળે ને મૌલાનાને ગાળ આપનારા પણ નીકળે. કોમ કઈ છે તે મહત્ત્વનું નથી, મહત્ત્વની તો વિચારસરણી છે. જો મગજની બારીઓ ખોલવી જ ન હોય, તો દુનિયાની કોઈ દલીલ આ સાહેબને ન જ સમજાવી શકે એમની દલીલની મૂર્ખાઈ અને ઉધ્ધતાઈ...

કમનસીબે મુસ્લિમ (હવે તો હિંદુ પણ) કોમને આવા ટૂંકી દૃષ્ટિના લોકો જ વધારે મળ્યા છે, જે સાંકડા દાયરામાંથી બહાર નીકળીને વિચારી જ નથી શકતા. મને આ નિમિત્તે ગાલિબ યાદ આવે છે. ગાલિબનો એક જાણીતો શેર છે.

चलता हूँ थोडी दूर हर एक तेज़ रौ के साथ,
पहचानता नहीं हूँ अभी राहबर को मैं ।

એટલે કે - જેમનામાં કંઈક વિશેષતા દેખાય, નેતૃત્વના ગુણ દેખાય એની પાછળ હું ચાલવા માંડું છું. વળી, એના કરતાં કોઈ ચડિયાતો નેતા જોઉં, એટલે હું આને છોડીને એની પાછળ ચાલવા માંડું છું. આવું થવાનું કારણ એ છે કે હું સાચા હિતૈષી, ખરા માર્ગદર્શકને ઓળખવાની ક્ષમતા જ નથી ધરાવતો.

મૌલાના આઝાદ વિશેના બેફામ લખાણ પરથી એવું નહીં લાગે કે જે કોમને કદી સાચો નેતા મળ્યો જ નથી, એના પર ગાલિબનો આ શે’ર લાજવાબ રીતે ફિટ બેસે છે? મુહમ્મદઅલી ઝીણાથી માંડીને ઔવેસી જેવા સુધી, ક્યારેક અન્ય તો ક્યારેક તેના ઇશારે આંધળુકિયાં કરતી મુસ્લિમ કોમ માટે આ વાત કેટલી બધી સાચી છે ?

દુઃખ એ વાતનું થાય કે મૌલાના જેવા વિદ્વાન, ઉદારમતવાદી માણસને જીવતેજીવ પણ ગાળો જ મળેલી ને આવા અણસમજુ લોકો ઝીણા અને પાકિસ્તાનની સચ્ચાઈ સમજ્યા પછી પણ મૌલાનાને ગાળ જ આપે છે! આ દેશમાં ત્યારે કે અત્યારે પરિસ્થિતિમાં બહુ ફરક નથી પડ્યો... તમે જેવા તમારી કોમના અવગુણ કહેવા બેસશો, એ સાથે જ તમે ગાળને લાયક થઈ જશો. કટ્ટર મુસ્લિમ કે કટ્ટર હિંદુ ગાળ નહીં ખાય. મૌલાના આઝાદ વિશે વાંચનાર, જાણનાર કદાચ એમની બીજી નબળાઈ વિશે વાત કરી શકે, પણ અહીં વપરાઈ છે તે ભાષા તો ચલાવી જ ન શકાય. મૌલાનાએ જીવતેજીવ પણ ગાળ જ ખાધેલી, પણ હવે તો એમને સાચા અર્થમાં સમજીએ. સુરત

## 'મારે નહોતું ભણવું'/યોગેન્દ્ર પારેખ

**તાજેતરમાં** એક જ દિવસે બે ઘટના પ્રકાશમાં આવી. વિદ્યાજગત સાથે સંલગ્ન આ સમાચારમાં એક ઘટના અત્યંત આઘાતજનક છે પણ શોકપ્રૂફ જગતમાં તેનો આઘાત ક્યાંય વરતાતો નથી અને એક ઘટના ઉમળકાપૂર્વક આવકારદાયક છે, જેની મોટા ભાગના લોકોને ખબર નથી. વિદ્યાજગતમાંથી અભ્યાસપૂર્ણ ઉમળકો અને વિચારમૂલક આઘાતની બાદબાકી આપણા સમયની સ્થિતિજડતાનો વરવો હિસાબ આપે છે. આ દિવસોમાં આધ્યાત્મિક પ્રવચનો આપવાની તીવ્ર તાલાવેલીમાં સાંપ્રતને વિશે ગુનાહિત બેહોશી આપણા સભ્યસમાજમાં અગ્રસ્થાને છે.

આઘાતજનક ઘટનાની વાત કરીએ તો મૂળ કેશોદના અગિયાર સાયન્સમાં રાજકોટ હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થી ચિરંતને 'મારે નહોતું ભણવું એટલે ગૂડબાય' એમ દીવાલ પર લખીને જીવન ટૂંકાવ્યું. ભારવગરના ભણતર વિશે કેળવણીકારો લખીલખીને થાક્યા પણ આપણને હજી દીવાલે લખેલું સત્ય વંચાતું નથી. આવો કપરો નિર્ણય લેનાર વિદ્યાર્થી પાસે જીવનમાં ભણતર સિવાયનો કોઈ વિકલ્પ જ નહીં બચ્યો હોય એવી સમાજવ્યવસ્થા અને તનાવનો કેવો તો ઘેરાવો તેણે અનુભવ્યો હશે! પોતે નહીં ભણે, તો આભ તૂટી પડશે એવી ગેરસમજનું વાવેતર કેટલી વરવી વાસ્તવિકતા બનીને સામે આવ્યું?!

ફરીફરી એ પ્રશ્ન થાય છે કે આપણે શું ભણાવીએ છીએ, કોને ભણાવીએ છીએ, કોણ ભણાવે છે, આ ભણતરનો હેતુ શો? આ પ્રશ્નો કોઈને થતા જ નથી. તેથી ભણવા-ભણાવવાનો કારોબાર ધમધમે છે. બાળકો રહેંસાય છે. રમવાની ઉંમરે ભણવાનું આવે છે અને ભણવાની ઉંમરે રમવાનું – આ વિષમતાના સર્જકો આપણે છીએ. આ વિષમતાથી સંતાનોને ઉગારી શકે તેવાં મા-બાપ કેટલાં? આંગળીના વેઢે ગણી શકાય એટલાના સંપર્કમાં આ લખનાર છે. એની વાત કરીએ એ પહેલાં આપણે આવકારદાયક ઘટનાની વાત કરીએ.

નવી દિલ્હીમાં રહેતાં સુપ્રિયા જોશી નામનાં ગૃહિણીએ વિચાર્યું કે પોતાની દીકરી તનાવ જન્માવે તેવા બોજારૂપ શિક્ષણથી દૂર રહેવી જોઈએ. સાતમા ધોરણ પછી દીકરી માલવિકાને શાળા છોડાવી દીધી. આ નિર્ણય પાછળ પતિનો વિરોધ હતો પણ મમ્મી મક્કમ હતાં. શાળા છોડી દીધા બાદ દીકરી સામે જીવતરનું આકાશ ખૂલી ગયું. ઘરમાં ભણવાયોગ્ય વાતાવરણ ઊભું કર્યું. પોતાની નિરાંત અને મસ્તીમાં માલવિકાનો ઉછેર થયો. મુક્ત ગગનના મસ્ત પંખીને ઊડવાનું મળ્યું. દીકરીએ દસમા-બારમાની પરીક્ષા પણ નથી આપી. સત્તર વર્ષની આ દીકરી ત્રણ વખત પ્રોગ્રામિંગ ઑલિમ્પિયાડમાં મૅડલવિજેતા છે. આપણી પ્રતિષ્ઠિત સંસ્થા આઈઆઈટીએ તેને ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ ન આપ્યો, કારણ કે તેણે ૧૦ + ૦૨ની પદ્ધતિ મુજબ સરકારી શિક્ષણ નહોતું મેળવ્યું, પણ જ્યાં અસરકારક શિક્ષણનો મહિમા છે, તેવી વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓમાંની એક એવી મેસેચ્યુએટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીમાં તેને ઍડ્મિશન મળી ગયું છે. આપણે કાગળિયાનો મહિમા કર્યો, જ્યારે એમઆઈટીએ કેળવણીનો. આવી હોનહાર પ્રતિભા ધરાવતી યુવતીને સ્વદેશમાં પ્રવેશ મળતો નથી અને વિશ્વ આવકારે છે. કોહીનૂર હીરો પાછો મેળવવા માથા પછાડતી રાજનીતિને એવું ભાન ક્યારે પડશે કે માલવિકા જોશી જેવી કેટલીયે મૂલ્યવાન પ્રતિભાઓ વિદેશમાં પગ કરી જાય છે?! ખીલવાનો અવસર મળે તે પહેલાં ઘરની દિવાલ પર રક્તરંજિત અક્ષરે કરમાઈ જતી યુવાપેઢી વિશે આપણે કેટલા બેપરવાહ છીએ.

માલવિકાનાં મમ્મી સુપ્રિયા જોશીએ દીકરીને નિશાળ છોડાવી હતી અને દીકરી માટે થઈ પોતે નોકરી છોડી હતી. નિશાળ છોડી દેવાથી બધાં બાળકોને માલવિકા જેવી સફળતા નથી મળતી અને નિશાળે જનાર બધાં બાળકો ચિરંતનની જેમ આપઘાત કરતાં નથી પણ શિક્ષણ આ બંને અંતિમોની વચ્ચે છે. દીકરી હેલીને નિશાળ નામની ઘટનાથી દૂર રાખવાની સીધી સરવાણીના અનુભવાર્થી તરીકે લખનારને ઊંડા પરિતોષની લાગણી છે.

અમદાવાદમાં જાણીતા વાર્તાકાર, અધ્યાપક જિજ્ઞેશ બ્રહ્મભટ્ટની બન્ને દીકરીઓ પંખી અને પરી તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઑપરેશન રિસર્ચ અને મૅનેજમેન્ટનો અભ્યાસ કરી ચૂકેલા અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં ભણાવતા ડૉ. રવિ ગોરનો દીકરો મંદાર પણ શાળા છોડીને ઘરે જ ભણે છે. વ્યક્તિત્વવિકાસની માનવતાપૂર્ણ સૌરભથી પંખી, પરી, હેલી અને મંદાર જેવાં બાળકો સુવાસિત છે, તેના રોજબરોજના સાક્ષી તરીકે કેળવણીના અર્થનું નવનીત આપને પીરસ્યું છે.

E-mail : gandhinesamajo@gmail.com


**ઇજન**

### જોસેફ મેકવાન પુરસ્કાર-સમારોહ

ગરવી ગુજરાતના કર્મઠ કર્મશીલ અને અગ્રણી સાહિત્યસર્જક સ્વ. શ્રી જૉસેફ મેકવાન દ્વારા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે કરવામાં આવેલ ઐતિહાસિક પ્રદાનને કાયમી રીતે સંસ્મરણીય કરવા અને તેમની સ્મૃતિને જીવંત રાખવાના ઉમદા હેતુથી પ્રેરાઈને **જૉસેફ મેકવાન ફાઉન્ડેશન** દ્વારા વર્ષે આંતરે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સામાજિક નિસબત ધરાવતા સાહિત્યસર્જન માટે પસંદગી પામેલ સર્જકને **'જૉસેફ મેકવાન સાહિત્ય-પુરસ્કાર'** તેમજ સેવાકીય ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન માટે પસંદગી પામેલ કર્મશીલને **'જોસેફ મેકવાન કર્મશીલ-પુરસ્કાર'** થકી પોંખવાનું પ્રયોજન કરેલ છે.

આ ગૌરવશાળી પરંપરા અને પુણ્યયાત્રાના દ્વિતીય ચરણ સ્વરૂપે આ શ્રૃંખલાનો ગુજરાતી સાહિત્યક્ષેત્રનો પુરસ્કાર અગ્રણી સાહિત્યકાર **ડૉ. મોહન પરમાર**ને તથા સેવાકીય ક્ષેત્રનો પુરસ્કાર કર્મશીલ **શ્રી ઈન્દુકુમાર જાની**ને અર્પણ કરવામાં આવનાર છે. પુરસ્કાર-સમારોહ સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત આદરણીય **શ્રી રઘુવીર ચૌધરીના અધ્યક્ષ પદે** અને ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલનાયક આદરણીય **શ્રી સુદર્શન આયંગારના અતિથિવિશેષ પદે** સંપન્ન થશે.

આ વિશિષ્ટ પુરસ્કાર-સમારોહને આપની હાજરી થકી આશીર્વાદિત કરવા **સ્નેહભર્યું નિમંત્રણ** છે.

**તા. ૯ ઑક્ટોબર, ૨૦૧૬ ● સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦**
**ત્રિવેણી લૅન્ડમાર્ક, ઝેન સ્કૂલની સામે,**
**બાકરોલ-વિદ્યાનગર-વડતાલરોડ, વિદ્યાનગર.**

**અત્યંત ભાવપૂર્વક**

| **કિશોર મારવાડી** | **અમિતાભ મેકવાન** | **હરેશ મકવાણા** | **ચંદ્રવદન મેકવાન** |
|---|---|---|---|
| મુંબઈ | વિદ્યાનગર | પાટણ | ગાંધીનગર |

# ભણતર/મુસાફિર પાલનપુરી

**સલામ !** 'નિરીક્ષક' નિયમિત મળે છે. ૬૦/૭૦ના દાયકામાં જ્યારે એનો પ્રારંભ થયો, એ સમયની યાદો તાજી થાય છે. કવિ ઉમાશંકરભાઈ, મુ. યશવંતભાઈ શુક્લ, ઈશ્વર પેટલીકર જેવાં નામો એના સંવાહકોમાં હતાં. આજે પણ 'નિરીક્ષક' એની ગરિમા અને ગૌરવ જાળવીને બરાબર ગતિમાન છે, એનો આનંદ વ્યક્ત કરું છું.

'નિરીક્ષક' ૧ સપ્ટે. '૧૬ના અંકમાં આપે પ્રથમ પાને 'મંગલમૂર્તિ પેટલીકર' શીર્ષકની ઉમાશંકરભાઈની ઉત્તમોત્તમ સ્મૃતિનોંધ (મૃત્યુનોંધ લખવું રુચતું નથી) પ્રગટાવીને ઉત્તમ કામ કર્યું છે. ૧૯૮૩માં લખાયેલ આ લખાણનો શબ્દેશબ્દ આજે પણ જીવંત લાગે છે. બંને મહાન આત્માઓને સલામ!

ખાસ વાત તો, 'નિરીક્ષક'માં આ વખતે છપાયેલ બહેનશ્રી નયનાબહેનની સિમલાની પ્રાથમિક શાળાઓની મુલાકાત વિશે કરવી છે. એમણે ધો. ૧-૨-૩ની ત્યાંની શિક્ષણપદ્ધતિની બારીકાઈથી ઝાંખી કરી છે. નયનાબહેને ભલે સિમલાનાં બાળકોના પ્રાથમિક શિક્ષણની વાતો આલેખી હોય, પણ જાણે ગુજરાતનાં જ પ્રાથમિક શિક્ષણની ઝાંખી કરાવતાં હોય એવું લાગ્યું. મહાત્મા ગાંધીના વિચારો પણ પ્રાથમિક શિક્ષણ વિશેના નોંધ્યા.

'કક્કા' પદ્ધતિનું શિક્ષણ શિશુઓ માટે કેવું કંટાળાજનક બની રહે છે, એ સત્ય એમણે સારી રીતે સમજાવ્યું છે.

આ દૂષણયુક્ત શિક્ષણપદ્ધતિથી જન્મતા કંટાળાને લીધે જ ગુજરાતમાં પણ આજે પણ ૬-૭-૮ ધોરણના વિદ્યાર્થીઓને એમનાં પોતાનાં નામ પણ શુદ્ધ રીતે લખતાં નથી આવડતાં. એટલે જ...

'કક્કા' પદ્ધતિની શિક્ષણપદ્ધતિ તજીને મેં મારી શાળાનાં બાળકોને પુસ્તકો વિના દૈનિક અખબારોની હેડલાઇન્સના અક્ષરોથી શિખવાડ્યું અને એમાં ગજબની સફળતા મળેલ.

બાળકોમાં કંટાળો નહીં પણ રોમાંચ, આનંદ અને ઉલ્લાસ જન્મે. છે. અખબારી હેડલાઇન્સના અક્ષરો વંચાવવાથી બાળકો આનંદ પામી, કુતૂહલવશ માતાપિતાને કહે પણ ખરા... 'સાહેબે મને આજે છાપું વંચાવ્યું હતું'...

પટેલફાર્મની મારી ખેતરો વચ્ચેની શાળામાં આપ બંને (તંત્રી અને નયનાબહેન) આવેલાં પણ ખરાં. પછી વિનય-ચારુલ પણ આવેલાં, જ્યાં મેં ૯૫/૯૭ માં દોઢ વર્ષ સુધી સાત ધોરણ એકલે હાથે સંભાળેલ. મહેકમ એક જ શિક્ષકનું હતું. મારી એ તકલીફ શિક્ષણમંત્રી આનંદીબહેન પટેલે હલ કરી આપેલ...

બહેરહાલ... ટૂંકમાં, નયનાબહેને પ્રા. શિક્ષણ વિશેનો આ લેખ લખીને અને 'નિરીક્ષક'માં પ્રગટાવીને ઉત્તમ કામ કર્યું છે. કાશ! શિક્ષણનું કામ કરતા સાહેબોના દિલ સુધી આ લેખનો સારણર્ભ પહોંચે...

હમણાં જ લખાયેલી એક હળવી કવિતા બહેનશ્રી નયનાબહેન માટે મોકલી મારી વાત પૂરી કરું.

**ભણતર**

**(આદ. બહેનશ્રી નયનાબેન પ્ર. શાહને...)**

ભણતર એટલું ઊંચે ચડશે,
ફી ભરવાનાં ફાંફાં પડશે.

'સિમેસ્ટર'ની સાથે-સાથે,
બીજા મંકોડાય કનડશે.

લેખન-વાંચન! વાંચન-લેખન!
ધકધક-ધકધક દિલની ધડકન.

ખર્ચા-ખર્ચા, ખર્ચા-ખર્ચા
રોજ ઘરેઘર એક જ ચર્ચા.

પાંપણ ભીંજાશે પપ્પાની
મમ્મી રડશે છાની છાની

પણ રડવાથી શું મળવાનું?
હિંમતથી પ્હોંચી વળવાનું.

વિદ્યા સૌ દુઃખ ટાળી દેશે
આખો ભવ અજવાળી દેશે.

પાલનપુર

**ઓપિનિયન પુરસ્કૃત**

## મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા

**યુ.કે.થી** પ્રસારિત થતા સામયિક 'ઓપિનિયન'ની પહેલથી 'દર્શક'ના વિદેશવાસી ચાહકોએ એકત્ર કરેલ નિધિ અન્વયે વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું છે. આ વ્યાખ્યાનમાળા અંતર્ગત **પ્રથમ વ્યાખ્યાન પ્રો. ભીખુ પારેખ** આપશે.

**હસમુખ શાહની અધ્યક્ષતામાં યોજાનારા આ વ્યાખ્યાનનો વિષય છે 'ભારતમાં વાદવિવાદની પ્રણાલિકા' ('ડિબેટિંગ ઇન્ડિયા')**

**આ પ્રસંગે સહભાગી થવા આપને હાર્દિક નિમંત્રણ છે.**

**તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૧૬**

**હીરક મહોત્સવ ખંડ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમમાર્ગ, અમદાવાદ**

**સમય : સાંજે ૪:૦૦**

● આપના આવવાની અનુકૂળતા જણાવવા વિનંતી. ● આપ આવી શકો એમ ન હો તો આ અવસર અંગેનો સંદેશો મોકલવા વિનંતી.

● કાર્યક્રમ પૂર્ણ થયા પછી સાથે અલ્પાહાર લઈશું.

**: નિમંત્રક :**

**વિપુલ કલ્યાણી** — **અરુણ દવે** — **પ્રકાશ ન. શાહ**

**પ્રફુલ્લ દવે** — **સંજય શ્રીપાદ ભાવે** — **હસમુખ દેવમુરારી**

## અમૃત મકવાણા એક માત્ર!

**મહેન્દ્ર વાળા**

**તાજેતરમાં** ઉના તાલુકાના સમઢિયાળા ગામે ગૌવંશ બાબતે કહેવાતા ગૌરક્ષકો દ્વારા દલિતો ઉપર અમાનુષી અત્યાચાર થયો એનો વ્યાપક વિરોધ થયો. દેશમાં અને વિદેશમાં એના પડઘા પડ્યા અને ઝિલાયા. દરેક દલિતે પોતાની કક્ષા, શક્તિ કે ગુંજાશ પ્રમાણે આ ઘટનાનો વિરોધ કર્યો.

એમાં દલિત-સાહિત્યકાર તરીકે એકમાત્ર અમૃત મકવાણાએ સરકારી સન્માન પરત કરી એક ઉત્તમ ઉદાહરણ કહેવાતા દલિત-સાહિત્યકારો સામે ધર્યું છે. જેવી રીતે નરેન્દ્ર દાભોલકર, ગોવિંદ પાનસરે, કલબુર્ગીની હત્યાના વિરોધમાં ભારતના શ્રેષ્ઠ અને નામાંકિત કવિ, લેખકો અને કલાકારોએ ભારત સરકાર તરફથી મળેલાં સન્માનો-પારિતોષિકો પરત કરેલાં. એની સંખ્યા તો ઘણી છે, પણ અહીં તો એક માત્ર દલિત-સાહિત્યકાર અમૃત મકવાણા આવું સાહસભર્યું પગલું ભરી—સન્માન પરત કરી શાબાશી અને સમાજના સન્માનપાત્ર ઠર્યા છે.

ત્યારે પ્રશ્ન થાય છે કે, ગુજરાતમાં દલિત-સાહિત્યકારનો ઠેકો લઈને બેઠેલા, સરકારનાં અનેક માન-સન્માન મેળવેલા અન્ય દલિત-સાહિત્યકારો ક્યાં ગયા? વર્ષોથી આંબેડકરવાદનો નારો લઈને ફરનારા કહેવાતા ભીમ સૈનિકો ક્યાં ગયા? પણ ના, તમે તો દલિત-સાહિત્યકાર છોને? કાલે તમે જ ઉનાકાંડ પર કવિતા કે વાર્તા લખશો અને એના અનુસંધાને માનસન્માન પણ પામશો. કદાચ મારા લખાણને રદિયો આપશો અને તમારો બચાવ પણ કરશો. મારા મતે દલિત-સાહિત્યકારોને મળતાં માન-સન્માન બંધ થવાં જોઈએ.

ભલે તેમને માન-સન્માન મુબારક! પરંતુ દલિત સાહિત્યના ઇતિહાસમાં સલામને લાયક તો એકમાત્ર અમૃત મકવાણા જ છે. છાયા, પોરબંદર

**નિમંત્રણ**

**દર્શકની એકોત્તરશતી નિમિત્તે પુસ્તક પ્રકાશોત્સવ**

રાષ્ટ્રીય શાળા (રાજકોટ)ના મધ્યસ્થ ખંડમાં
રવિવાર, તા. ૯ ઑક્ટોબરના રોજ સવારે દસ વાગ્યે
શ્રી દેવેન્દ્રકુમાર દેસાઈના અધ્યક્ષપદે
**મનીષીની સ્નેહધારા** ('દર્શક')
**બે પુણ્યશ્લોક પુરુષો** (મૃદુલાબહેન મહેતા) અને
**મિલે સૂર મેરા તુમ્હારા** (મીરાબહેન ભટ્ટ)
એ ચાર પુસ્તકો પ્રકાશિત થશે.

પ્રકાશ ન. શાહ અને વિપુલ કલ્યાણીના અતિથિવિશેષ પદે યોજાઈ રહેલા આ સમારંભમાં અરુણ ભટ્ટ, યોગેશ ભટ્ટ અને નીતિન વડગામાની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. આ પ્રકાશોત્સવમાં પધારવા સૌને હૃદયથી ભાવભર્યું નિમંત્રણ છે.

**: નિમંત્રક :**

**પ્રવીણ મહેતા** (મણાર) **રામચંદ્ર પંચોલી** (સણોસરા)
**રેણુકા પારેખ** (રાજકોટ) **રમેશ સંઘવી** (ભુજ)

**આ અવસર પર ઉપર્યુક્ત પુસ્તકો તથા 'દર્શક'નું અન્ય સાહિત્ય ૫૦ ટકા વિશેષ વળતર પર મળશે.**



## રાજકીય ઘૂરકાઘૂરકી યા ફિતૂરફંદા

**જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**પ્રતિસ્પર્ધી** યા અણગમતી પાર્ટીના કોઈ પણ કાર્યક્રમ-સભા અગર રેલીને મંજૂરી નહીં આપવી અગર, મંજૂરી આપ્યા પછી પણ કાર્યક્રમ યોજવા નહીં દેવા, ગુજરાતમાં દલિતો મૃતપશુઓ સાથે કેવું કામ કરીને દુર્ગંધમય વાતાવરણમાં જીવન ગુજારી રહ્યા છે, એવું જોવા માટે આમંત્રણ આપવા દેશભરના કહેવાતા માલેતુજાર બ્રાન્ડ ઍમ્બેસેડરોને પત્ર લખવા, પ્રજાસત્તાકદિને, સ્વાતંત્ર્યદિને અગર દશેરાએ ઐતિહાસિક સ્થળોએ જાહેર કાર્યક્રમમાં બાળકો અગર યુવતીઓની ઇચ્છાને માન આપીને સેલ્ફી તસવીર ખેંચાવવી, જીવલેણ હુમલા, ઍસિડ ઍટેક, હત્યા, ખંડણી આદિ ગંભીર ગુનાઓની હારમાળા અનેક વર્ષોથી સર્જનારા નામીચા માફિયાઓને છોડાવનારા રાજનેતાઓને મતદાન નહીં કરવાની જોરદાર ઝુંબેશ ચલાવવી, ઓછા પગારથી નોકરી કરનાર પરદેશી દુષ્કર્મી તબીબોને નોકરીએ રાખનારી સ્ટાર હૉસ્પિટલોને કાયમી ધોરણે બંધ કરાવવી, 'બોલવાની આઝાદી છે, લવારા કરવાની નહીં', એવું કહીને બદમાશ રાજકારણીઓની ઝાટકણી કરવી, કાશ્મીર મામલે સરકાર અલગાવવાદીઓની સામે ભીખ માગવાનું બંધ કરે, એવા સંદેશ દ્વારા સરકારની આકરી ટીકા કરવી, જો દલિતોના મતોથી આભડછેટ નથી લાગતી, તો દલિતોથી કેમ લાગે છે, એવા સીધા સવાલો મતલોલુપ રાજકારણીઓને પૂછવા આદિ.

---

**સમૂહ-માધ્યમોનો રાષ્ટ્રવાદ** ● અનુ. પૃ. ૯થી...

આપવાની પરંપરા પણ છેક ત્યારથી જ છે. છતાં એ પરંપરા દાભોલકર, કુલબર્ગી કે પાનસરે સુધી અટકી નથી. મીડિયાને આ ત્રણની હત્યા T.R.P. માટે યોગ્ય લાગી નથી. આ વાત મીડિયાની સંવેદનશીલતાનું સૂચક છે. જિયો-જના બ્રાન્ડ ઍમ્બેસેડર બનેલા પ્રધાનમંત્રી મીડિયાની ટીકા પામતાં નથી, કારણ કે એ 'બુદ્ધિજીવી' માંના એક નથી! તાજેતરમાં પાકિસ્તાનના સૂફી ગાયક શબ્બીરની હત્યાનો ઉલ્લેખ કરતાં ગુણવંત શાહે પાકિસ્તાનમાં વકરેલી ધાર્મિક કટ્ટરતાને ઉઘાડી પાડી તે ઠીક જ કર્યું, પણ સાથોસાથ એ ગાયકની અંતિમયાત્રામાં લાખો લોકો હતા એ ન જોઈ શક્યા! એ જ શબ્બીર જેવી હત્યા અહીં થઈ કલબુર્ગી, પાનસરે કે દાભોલકરની. એ હત્યાને એમણે એક પણ લેખ ફાળવ્યો નથી! એમની T.R.P. માટે આ વિષય યોગ્ય નથી. અત્યારે તો એક શાયરની આ પંક્તિ આપણને આશ્વાસન આપે છે.

"ઉસ પ્યાલે મેં ઝહર નહીં રહા હોગા,
વર્ના સુકારત મર ગયા હોતા..."

'ઉત્તરમારચરિત'માં જ્યારે ભવભૂતિએ રામ પર જ પ્રશ્ન ઉઠાવ્યો, ત્યારે પરંપરાવાદી પંડિતોએ કહ્યું કે તારા સાહિત્ય પર કોઈ નજર પણ નહીં નાંખે. ભવભૂતિએ કહ્યું કે આ વિપુલ પૃથ્વી પર કોઈક સમાનધર્મા આવશે, કાળ અખંડ છે. સમૂહ-માધ્યમોનું કાર્ય રાજનીતિની દેખરેખનું છે, નહીં કે એની ચાકરી કરવાનું. હાલમાં એમનામાં ઊમટેલો રાષ્ટ્રવાદ એમની બદલાયેલી ભૂમિકાનું સૂચક છે. સાચા રાષ્ટ્રવાદની ખોજમાં જવાનું સાહસ વૈકલ્પિક મીડિયાકર્મીએ કરવાનું રહેશે.

E-mail : bharatmehta864@gmail.com

# દલિતો પરના અત્યાચાર/રવીન્દ્ર ન. વેપારી

**ગુજરાતનો** બોલકો વર્ગ બે ભાગમાં વહેંચાઈ ગયો છે : એક ભાગ એવું માને છે કે ગુજરાતમાં જે કંઈ સારું હતું, છે અને ભવિષ્યમાં થશે તે બધાનો યશ શ્રી નરેન્દ્ર મોદીને જ જાય છે. આ વર્ગ મોટી બહુમતીમાં છે. ઉદાહરણરૂપે રાતના સ્ત્રીઓ કોઈ પણ જાતના ભય વગર એકલી ફરી શકે છે તે શ્રી નરેન્દ્ર મોદીના સુશાસનને કારણે, પણ એ ભુલાઈ જવાય છે કે શ્રી નરેન્દ્ર મોદી મુખ્યપ્રધાન બન્યા તેનાં ઘણાં બધાં વર્ષોથી કાયદો અને વ્યવસ્થા બીજાં રાજ્યોના પ્રમાણમાં ગુજરાતમાં સારાં હતાં.

બીજો વર્ગ એવું માને છે કે ગુજરાતમાં જે કંઈ ખરાબ હતું, છે અને ભવિષ્યમાં થશે, તે માટે એકમાત્ર શ્રી નરેન્દ્ર મોદી જ જવાબદાર છે. ઉદાહરણસ્વરૂપે ૨૦૦૨નાં રમખાણો માટે સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટાયેલી ટીમ SITના અહેવાલમાં તેમની વિરુદ્ધ કંઈ નથી. છતાં આ વર્ગ પોતાનો માની લીધેલી કક્કો છોડતો નથી.

ઉનામાં દલિતો સામે જે અત્યાચાર થયો કે દલિતો સામે અત્યાચાર ગુજરાતમાં થતો રહે છે, તો તે માટે જવાબદાર શ્રી મોદી જ ગણાય છે. પહેલી સપ્ટેમ્બરનું 'નિરીક્ષક' માત્ર આ જ વિષયથી છવાઈ ગયું છે અને લગભગ બધા લેખોમાં આ અંગે યોગ્ય આક્રોશ વ્યક્ત થયો છે, પરંતુ લક્ષ્ય શ્રી મોદી જ છે.

સૌ જાણે છે કે કહેવાતી ઉચ્ચ વર્ગની જ્ઞાતિઓના કેટલાયે લોકો તેમના યુગયુગ જૂના દલિતવિરોધી માનસમાંથી બહાર આવતા નથી. વીસમી સદીના પૂર્વાર્ધમાં જેમનો દેહાંત થયો, તેવા આપણા રાષ્ટ્રીય શાયર ગણાતા શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ અન્યાય સામે કેટલીએ નવલિકા-નવલકથાઓ લખી છે. 'વસુંધરાના વહાલાદવલા'માં હૃદયસ્પર્શી રીતે આ વાત તેમણે જણાવી છે. જ્યાં સુધી આ માનસ બદલાશે નહીં, ત્યાં સુધી દલિતો સામેનું વૈમનસ્ય ચાલુ જ રહેશે. ઑગસ્ટ ૨૦૧૬ના 'પરબ'ના અંકમાં શ્રી પ્રવીણ ગઢવીએ 'સત્સંગ'માં એક દલિત કુટુંબ સમાજમાં ભળવાનો કેવો નિષ્ફળ પ્રયત્ન કરે છે અને જ્ઞાતિની અથવા જ્ઞાતિમાનસની એક અભેદ દીવાલને તોડી શકતું નથી, તે બહુ જ સુંદર રીતે આલેખ્યું છે.

આ પરિસ્થિતિ માત્ર ગુજરાતમાં જ નથી સમગ્ર રાષ્ટ્રમાં પ્રવર્તે છે અને દર ત્રીજે-ચોથે દિવસે જુદાં-જુદાં રાજ્યોમાં ઉના જેવી કે ઉના કરતાં પણ વધારે ઘૃણાસ્પદ ઘટનાઓ બનતી રહે છે. એનો અર્થ એવો નથી કે આ અન્યાય હાથ જોડીને સ્વીકારી લેવાનો.

સરઘસો કાઢવાથી, સંમેલનો ભરવાથી, જમીન મફત આપવા જેવી અવ્યવહારુ વાતો કરવાથી દલિતોને કદાચ ખુશ કરી શકાય, પણ સમાજના મુખ્ય પ્રવાહમાં સમાવિષ્ટ કરી શકાશે કે કેમ તે શંકાસ્પદ છે, પણ કદાચ વૈમનસ્ય વધી શકે.

આ માટે સમાજના અન્ય વર્ગોમાં જાગૃતિ લાવવાની આવશ્યકતા છે. મોટા-મોટા ગણાતા સુધારકો પણ તેમનાં સંતાનોનાં લગ્ન તેમના ગોળમાં નહીં તો પણ જ્ઞાતિમાં થાય તે માટે આગ્રહ સેવતા હોય છે. કદાચિત તેમનાં સંતાન હોઈ, દલિત વ્યક્તિના પ્રેમમાં પડી લગ્ન કરવા માગે કે કરે તો આજીવન તેનું મોઢું ન જોવાનું નક્કી કરે. ઉત્તર ભારતમાં સામાન્ય છે કે બેઉની હત્યા કરે.

છતાં, એવું પણ નથી કે દલિતો સંપૂર્ણપણે સમાજના મુખ્ય પ્રવાહથી વિમુખ છે. દલિત ચેમ્બર ઑફ કૉમર્સમાં કેટલાય દલિત ઉદ્યોગપતિઓ કે ધંધાદારી છે. તેમના પ્રત્યે છોછ સંપૂર્ણપણે નીકળી ગયો નથી, પણ ઘણો ઓછો થયો છે. ડુક્કર ઉછેરનારા દલિતવર્ગમાંથી આવતા શ્રી ચંદ્રભાણ પ્રસાદ આ ચેમ્બરના પ્રમુખ છે. તે દલિતો માટે લડ્યા અને તેમના આર્થિક સશક્તિકરણના મુખ્ય પ્રણેતા બન્યા. તેઓ પોતાનું દૃષ્ટાંત આપીને કહે છે કે તે આટલી નીચી સ્થિતિ પરથી સફળ ઉદ્યોગપતિ બન્યા અને અનેક દલિતોને આર્થિક સશક્તિકરણ માટે મદદ કરી ઉદ્યોગોમાં જોતર્યા. સભા ગજવનારાઓ અને તેમના માટે ખોખલા લેખો લખનારાઓને બદલે દલિતોએ શ્રી પ્રસાદનું ઉદાહરણ લઈ આગળ વધવું જરૂરી છે. ઘણા દલિતો ભણ્યા પછી ઉચ્ચ સ્થાને નોકરીઓ પર છે. તે ધીરે-ધીરે સ્વીકારવા માંડ્યા છે.

પરંતુ આ માટે આગળ જણાવ્યું તેમ માનસપરિવર્તનની આવશ્યકતા છે. સુરતના એક પ્રખ્યાત હીરાના વેપારીના કારખાનામાં કામ કરતા આશરે પંદરસો કારીગરોને બપોરનું ભોજન મળે છે. હવે તો ઘણા કારખાનાવાળા કારીગરોને ભોજન આપે છે. તેમના કારખાનામાં દલિત અને અન્ય કારીગરો છે, તેઓમાં વૈમનસ્ય ન રહે કે દલિતો જોડે ભોજન લેવા અન્યો આનાકાની કરે તે માટે શરૂઆતમાં તેઓએ પોતે જ દલિત જોડે એક ટેબલ પર સાથે ભોજન લીધું હતું અને તેની અસર અન્ય કારીગરો પર પડી. આવું કદાચ ઘણી જગ્યાએ શરૂ થયું હશે.

શ્રી નરેન્દ્ર મોદી માટે આપણને કેટલો પણ ધિક્કાર કે પૂર્વગ્રહ હોય, તો પણ 'નિરીક્ષક' જેવા ઉત્કૃષ્ટ કક્ષાના વિચારપત્રમાં થોડી સમતા જાળવવી જરૂરી છે અને પ્રશ્નો કે સમસ્યાઓના હાર્દમાં પહોંચી તેના નિવારણ માટે વિચારોની આપ-લે જરૂર હોવી જોઈએ. શ્રી નરેન્દ્ર મોદીને ભાંડી લેવાથી કોઈ પ્રશ્નનું નિરાકરણ આવતું નથી. તેનાથી કદાચ યોગ્ય નિવારણથી દૂર જવાય છે.

નાનપુરા, સુરત

---

## આપણા કેન્દ્રમાં

**યૉસેફ મેકવાન**

આપણા સૌના કેન્દ્રમાં
નથી તો માણસ,
નથી તો ધર્મ,
નથી તો પ્રેમ,
નથી તો દાન,
નથી તો નિષ્ઠા,
નથી તો સાહચર્ય,
પણ છે માત્ર ને માત્ર ભારોભાર
ભ્રષ્ટ-આચાર.
લોહીલુહાણ છે કહેવાતો ભાઈચારો,
દંભનો હવે તો છે ઓડકાર.
છે રીતભાત બધે જ
ઊલટી જ ઊલટી...
એ આપણું કેન્દ્ર હોય
કે આપણે કેન્દ્રમાં હોઈએ !
— ફેર પડતો નથી...

## સંગ્રાહ્ય અંકો/જયંત દિવાણ

**'નિરીક્ષક'ના** ઑગસ્ટના બંને અંકો વાંચ્યા. દલિત ભાઈબહેનો પર વધી રહેલા અત્યાચારોને લગતાં અનેક પાસાં પર એમાં ચર્ચા કરવામાં આવી છે. બંને અંક સંગ્રાહ્ય બન્યા છે. ડંકેશ ઓઝાએ ઠીક જ લખ્યું છે કે સમાજ સંવેદનહીન બની ગયો છે. ઉનામાં જે બન્યું તે દલિતેતર સમાજને સારુ 'પોતાની ઘટના' અનુભવાતી નથી, એ વેદનાની વાત છે. ઉના ઘટનાની રાજનીતિ ભલે હો, પણ એની પૂંઠે રહેલ સામાજિક આશય ખોવાઈ જાય એવું ન થવું જોઈએ. દલિતવિરોધીઓ દલિતો પ્રત્યે જે તુચ્છતાનો ભાવ સેવતા માલૂમ પડે છે, એ ચિંતાની બાબત છે. સામાજિક-સાંસ્કૃતિક સ્તર પર પર્યાપ્ત સક્રિયતા વગર કેવળ રાજનીતિ કરવાથી પૂરો જવાબ મળી શકતો નથી.

E-mail : sampurna.kranti1975@gmail.com

## ગોમાત્રિ અને દર્શક/દિલીપ ચંદુલાલ

**નિરીક્ષક** ૧૬/૯માં મિત્ર અજય પાઠકે લખ્યું છે કે ગોવર્ધનરામે રાજકારણથી વેગળા રહેવું પસંદ કર્યું હતું., જ્યારે દર્શકે એમાં ઝુકાવ્યું હતું. મને લાગે છે, અહીં અજય પાઠકની ભૂલ થાય છે, કેમકે ગોવર્ધનરામના જમાનામાં રાજકારણ નહોતું. જે પ્રશ્ન હતો, તે રાષ્ટ્રકારણનો હતો, અને ગોમાત્રિએ તે ટાળ્યું હતું. એટલે આપણે દર્શક અને ગોમાત્રિને એક જ ધોરણે સરખાવી શકીએ નહીં. અને હું, ગોમાત્રિએ બ્રિટિશરો સામેની હિલચાલમાં નહીં જોડાતાં દીવાનગીરી પસંદ કરી, એનો ટીકાકાર છું.

E-mail : dilipchandulal@gmail.com

## ગુજરાતી લોકવાણી યુવાનો સુધી પહોંચાડવાનો પ્રયાસ

**આપ કોઈ પણ પ્રકારની સેવા આપી શકો તેમ હો તો .....**

**મિત્રો,**

કેટલાંક ગુજરાતી ભજનો, જેમાં સનુષ્યની સજ્જતા અને સમજની જ વાતો કહેવાઈ હોય (કોઈ દેવ-દેવતાઓની સ્તુતિ ન હોય તેવા ભજનો). નવયુવાનોને તેમના ગમતા સ્વરૂપે આપવાનો વિચાર ઘણા સમયથી આવ્યા કરે છે.(લોકનિકેતન, રતનપરમાં શ્રી અમરભાઈને કંઠે હરિનો મારગ સાંભળ્યા પછી આ વિચાર વધુ સ્પષ્ટ થયો) આ નવું સ્વરૂપ એટલે સંગીત અને નૃત્ય સાથેનો વિડીયો.

**આ માટે હાલ તુરત નીચે દર્શાવેલા ચાર ભજન પર પસંદગી ઊતારી છે :**

*૧. હરિનો મારગ છે સૂરાનો.*
*૨. હરીને ભજતાં હજી કોઈની લાજ..*
*૩. મેરુ રે ડગે જેનાં મનડાં...*
*૪. અખાના* (સરળ રીતે સમજાય તેવા) *છપ્પા*

આ ભજનોને નાચી શકાય (નાચવું જ પડે) તેવા ઢાળમાં દરેક કડીને અલગ અલગ ઢબે પરંતુ એક જ તાલમાં ગવાય. ભજનના મૂળરાગને નવા રાગમાં ભેળવીને તો ક્યાંક શાસ્ત્રીય સંગીતને પૉપ સંગીત સાથે સરસ ફ્યૂઝન પણ કરી શકાય. અનેક શક્યતાઓ છે જે આ રીતે સફળ થાય અને યુવાનો સુધી સારો સંદેશો અને સાદી સમજની વાતો તેમની ભાષામાં પહોંચે.

આ માટે કેટલાંક મિત્રોએ પોતાની સેવા આપવાની તૈયારી બતાવી છે, આમ છતાં પણ કલાકારોને આવવા જવા, ગીતનું રેકોર્ડિંગ કરવું, સંગીતનાં સાધનો, સ્ટુડિયો વગેરે અને વિડીઓના શૂટિંગ માટે કૅમેરા વગેરે સાધનો અને લોકેશન પર જવા આવવા વાહન, ટીમને રહેવા જમવા વગેરેનો ખર્ચ મોટો થાય તેમ છે.

આપને જો આ વિચાર ગમતો હોય અને આપ કોઈ પણ પ્રકારે મદદ કરવા કે સ્પોન્સર કરવા ઇચ્છો તો આપ મગાવશો તે બધી વિગતો પૂરી પાડીશું.

કોઈને કશો આગ્રહ નથી. આપ નાણાં નહીં અને અન્ય કોઈ પણ પ્રકારની સેવા આપી શકો તેમ હો તો તે પણ જણાવશો કદાચ તે પણ ઉપયોગી થાય.

**ધ્રુવ ભટ્ટ**
Email : dhruv561947@yahoo.com

**'ના' કેમ કહી? ● અનુ. પૃ. ૨૦થી...**

પણ રીતે ચલાવી ન લેવાય, ન લેવાવી જોઈએ. સ્વબચાવ માટે સ્ત્રીઓ શું કરી શકે એની યાદીઓ લાંબી છે, છતાં એનો અમલ થયો હોય એવી માહિતી મળતી નથી. જેની સામે ફરિયાદ કરી છે એ પુરુષ પોતાને કશું નહીં કરે એવો વિશ્વાસ જીવલેણ નીવડી શકે એ યાદ રાખવું ઘટે, ખાનદાની આજકાલ માણસના મરી પરવારેલા, અને દંતકથાનો મોભ્ભો ધરાવતાં લક્ષણોમાં ગણાય છે. અવરજવરવાળા રસ્તા પર કોઈ એમ સરળ રીતે આંતરીને ખૂન ન કરે એમ માનવાનું ભોળપણ સ્ત્રીઓએ છોડવું પડશે.

આમ તો વડાપ્રધાને સ્ત્રીઓ સામેના અપરાધો સંદર્ભે 'ઝીરો ટોલરન્સ'ની વાત સશક્ત અવાજે કરી હતી, પણ એમ તો ઘણું ઘણુ સશક્ત અવાજે જ કહેવાયું હતું ને! વળી પ્રજાની 'ટોલરન્સ'તો બેમિસાલ, એમાંય સ્ત્રીઓની તો વળી અદકી બેમિસાલ. અને ચૂપચાપ આ ખૂની ખેલ જોતાં માણસ નામનાં પૂતળાં ક્યાં જઈને નાંખવા?

મણિબાગ, અબ્રામા, વલસાડ

## અમે દિવ્યાંગ/ગૌરાંગ જાની

વડાપ્રધાન અમને 'દિવ્યાંગ' કેમ કહે છે
ન તો અમે દિવ્ય, ન તો અમારા અંગ દિવ્ય!
'દિવ્ય' વિશેષણ તો છે ઈશ્વરનું,
અમે ઈશ્વરના સર્જન... પણ સાવ અધૂરાં!
એટલે જ અમે ક્ષતિગ્રસ્ત, વિકલાંગ.
દિવ્યાંગ કહેવાથી ફેર શો પડે?
ક્યારેક 'ડિફરન્ટલી એબલ'
તો ક્યારેક 'સ્પેશિયલ' એવા અંગ્રેજી નામ!

અમને તો એ જ ખબર નથી કે અમે કોણ?
ના તો બૉર્ડની પરીક્ષા કે ના સ્નાતક પદવી
ના કોઈ 'બેસ્ટ લક', ના કોઈ 'કોન્ગ્રેચ્યુલેશન'
ના શબ્દો છે, ના દેખાડો છે, અમારા ભાવ
તો પણ સંપૂર્ણ, અધૂરા નહીં!

રસ્તે જતાં લોકો જુએ ટગરટગર
કોઈ હસે તો કોઈ મોં ફેરવી લે!

છેવાડાના લોકોની વાતો કરનારા અનેક
પણ તેઓના મનોજગતમાં અમે ક્યાં? કેવાં?

અને હા, અમારા મા-બાપ પણ છેવાડે
એટલે તો તેઓ નથી દેખાતા, નથી જણાતા

વડાપ્રધાન બદલાશે તો અમારું નામ પણ!
નવા વડાપ્રધાન, નવું નામ? પણ અમે ક્યાં?

Email : gaurang_jani@hotmail.com

**સદ્ગત રમેશચંદ્ર પરમાર** ● અનુ. પૃ. ૨થી...

દલિત દીપડાઓનો ઉદય, ગુજરાતમાં ૧૯૭૪માં થયાનું આ લખું છું ત્યારે સાંભરે છે. આમ તો, પેન્થર ચળવળ, અમેરિકાના આફ્રિકન-અમેરિકન નાગરિકોની બ્લેક પેન્થર પાર્ટીથી પ્રેરાઈ મુંબઈ-મહારાષ્ટ્રમાં નામદેવ ઢસાળ આદિની પહેલથી તે પૂર્વે શરૂ થઈ ચૂકી હતી. ગુજરાતની દલિત પ્રવૃત્તિમાં ત્યારે (અને અત્યારે પણ) સક્રિય વાલજીભાઈ પટેલ વગેરે એમાં ખેંચાયેલા અને ગુજરાતની ઝાંખીપાંખી રિપબ્લિકન પાર્ટીમાં ત્યારે કાર્યરત રમેશચંદ્રનું પણ એમાં જોડાવાનું થયેલું એવું સાંભરે છે. ૧૯૭૨-'૭૩-'૭૪નો ગાળો દેશમાં અને ગુજરાતમાં પરિવર્તનની રાજનીતિની દૃષ્ટિએ ઠીક ઠીક મહત્ત્વનો છે. ઇંદિરા ગાંધીની એકચક્રી આણ અને વ્યાપક અપીલ પરત્વે પડકારની શરૂઆતનો સમયગાળો આ છે તો પેન્થર, નવનિર્માણ અને જેપી આંદોલનનો ઉદયગાળો પણ છે. નહીં કે બધાં આંદોલનો વચ્ચે કોઈ સીધો આંતરસંબંધ અનિવાર્યપણે હશે, પણ પરિવર્તનની આબોહવાએ પ્રેરિત આ સૌ એક અરસાના ઉન્મેષ અને ઉદ્રેક હતાં.

એક અરસાની (અને આબોહવાની) અહીં જે જિકર કરું છું એ કેવળ જોગાનુજોગનો નિર્દેશ કરવાની રીતે નથી. એમને એકસાથે સંભારવામાં એક સાભિપ્રાયતા પણ છે. જયપ્રકાશનું આંદોલન ઉભર્યું અને ઉંચકાયું ત્યારે એક તબક્કે દિલ્હીની રેલીમાં ગુજરાતથી સૌ મોટે પાયે જોડાય એવું આયોજન થયું હતું. રેલીમાં જોડાવા સારુ જે અપીલકારો આગળ આવ્યા એમાં ત્યારે ખરી ડૂંટીનો એક અવાજ પેન્થર રમેશચંદ્ર પરમારનો પણ હતો. મતલબ, જેમ આફ્રિકી-અમેરિકી તેમ ઘરઆંગણાના દલિતો એક અલગ સમુદાયરૂપે ગઠિત અને ઉદ્યુક્ત થતા હોય તેથી વ્યાપક નાગરિક સમાજનો હિસ્સો મટી જતા નથી. બલકે, એમનું પૂરા કદના નાગરિકમાં સ્થપાવું એ જો નાગરિક સમાજના ખુદના હિતમાં છે તો નાગરિક સમાજનો ખયાલ હોવો તે વ્યક્તિશઃ ને સમુદાયશઃ હર કોઈ સારુ જરૂરી છે. અંશ પર ભાર મૂકીએ છીએ ત્યારે તે કૈં કથિત પૂર્ણનો વિરોધ નથી. લડીઝઘડીને પણ પૂર્ણને પરિપૂર્ણ, સાચા અર્થમાં સંપૂર્ણ બનાવવાની લોકશાહી લલિત કલા છે.

અહીં થઈ આવતું સ્મરણ રામમનોહર લોહિયાનું છે. લોહિયાએ ઇતિહાસચક્ર (વ્હીલ ઑફ હિસ્ટરી) વિશે ચર્ચા કરતાં કહ્યું છે કે મોટાં પરિવર્તનો ગુંજાશ છતાં ઇતિહાસમાં પાછાં કેમ પડતાં હોય છે એનું એક રહસ્ય એ વાતમાં પડેલું છે કે વિવિધ પ્રજાસમુદાય પોતપોતીકાં લક્ષ્યવિશેષ (પર્ટિક્યુલર ગોલ) અને વ્યાપક લક્ષ્ય (જનરલ ગોલ) વચ્ચે મેળ પાડી શકતા નથી. પેન્થર પરમારને સંપૂર્ણ ક્રાન્તિના જેપી એલાનની જોડે ઊભા રહેતા જોઉં છું અને ઉત્તર જેપીને શાંતિમય અને ધિક્કારમુક્ત વર્ગસંઘર્ષ વિશે સાંભળું છું ત્યારે પર્ટિક્યુલર અને જનરલનાં જુવારાં ભાંગવાની આશાએ હૈયું હુલસે છે.

આમ પણ રમેશચંદ્રને સંભારીએ અને લોહિયાની યાદ ધ્રોપટ ચાલી ન આવે શક્ય નથી. એ ડૉ. રમેશચંદ્ર પરમાર કહેવાતા એનું રહસ્ય એમણે રળેલ ડૉક્ટરેટમાં છે, અને તે માટેનો એમનો અધ્યયનવિષય લોહિયા હતા. સન સિત્તોતેરના બીજા સ્વરાજથી સ્વરાજ માટેની ચાલુ લડાઈના કેમ જાણે એક ભાગરૂપે છેક લોહિયા શતાબ્દી વર્ષ લગી અમદાવાદમાં વરસોવરસ લોહિયાને યાદ કરવાનો એક સિલસિલો લગભગ સળંગ રહ્યો. એમાં અગ્રયાયીઓ પૈકી એક રમેશચંદ્ર હતા. એની પૂંઠે મહત્ત્વનું બળ અલબત્ત ચિદમ્બરમ્ અને જયંતી પંચાલનું! આવા પ્રસંગોએ કવચિત મારે પક્ષે, કવચિત્ એમને પક્ષે વારાફરતી લોહિયાની આંબેડકર જોગ એ ધા સંભારવાનુંયે બન્યું હશે કે તમે દલિત દાઝ સ્વાભાવિક જ જાણતે છતે દેશની સમગ્ર રાજનીતિમાં સહભાગી બલકે અગ્રભાગી બનવાનું કેમ ન વિચારો. આંબેડકર ૧૯૫૬ના ડિસેમ્બરમાં ગયા ન હોત તો ૧૯૫૭ની ચૂંટણીમાં આ દિશામાં એક નવઉઘાડની શક્યતા નહોતી એવું નથી.

આરંભે જ, ઓછા જાણીતા ગણપતભાઈને (પ્રવીણ રાષ્ટ્રપાલના મોટાભાઈને) અને ઠીક ઠીક જાણીતા રમેશચંદ્રને એક સાથે સંભારવાનું બન્યું તો એમનું એક સામ્ય પણ સંભારી લઉં. એમણે બંનેએ દલિત ઉદ્યુક્તિને સેક્યુલર ચળવળ પરત્વે અવિરોધી ધોરણે જોઈ. કદાચ, આમ કહેવું અપૂરતું છે. એમણે બંનેને અવિરોધી નહીં પણ પરસ્પર પૂરક બલકે અવિનાભાવ જોવાનો અભિગમ લીધો હતો. દેશની દલિત રાજનીતિના કેટલાક હિસ્સાએ પાછલા દસકામાં હિંદુત્વ રાજનીતિમાં પોતાનો ઉગાર જોયો છે. આવી કોઈ સત્તાલક્ષી મૂઠ જેમને ન વાગી કે આવો કોઈ વૈચારિક વ્યામોહ જેમને ન આભડી ગયો, ગણપતભાઈ ને રમેશચંદ્ર એ માંહેલા હતા.

બલકે, વિચારમોરચે ૨૦૦૨ પછીના ગુજરાતમાં રમેશચંદ્રે એક એવું કામ (ભલે તે તરફ ઝાઝું ધ્યાન ખેચાયું હોય તોપણ) કર્યું હતું જે ખરું જોતાં એનડીએ-૧ના સંકટમોચક રહેલા જ્યોર્જ ફર્નાન્ડીઝ જેવા મારફત (એમનું લોહિયાસંધાન જોતાં) થવું જોઈતું હતું. રમેશચંદ્રે રામમનોહર લોહિયાની અનન્ય માંડણી 'હિંદુ બનામ હિંદુ' ગુજરાતીમાં ઉતારી. અહીં એ માંડણીનો વિગતે ખયાલ આપવાની ગણતરી નથી. માત્ર એટલું કહેવું બસ થશે કે હિંદુસમાજમાં વર્ણગત અંતર અને ઊંચનીચ કઈ હદે 'ઇતર' પરત્વે દ્વેષ અને હિંસા પ્રેરે છે, બલકે 'મુસ્લિમ' રૂપે તે 'ઇતર'ને જનમાવે છે એની એ મૂલગ્રાહી ચર્ચા છે. હિંદુસમાજ તે ધોરણે જરી જાતમાં ઝાંખે તો અંતર અજવાળું અજવાળું થઈ જાય. અલબત્ત, હિંદુત્વ રાજનીતિને અંજીરપાંદ (ફિગ-લીફ) પૂરું પાડવાની કામગીરીમાં રોકાયેલા જ્યોર્જ ફર્નાન્ડીઝ માટે એ અગ્રતાની બાબત નહોતી, અને જેઓ કૉંગ્રેસના વિકલ્પરૂપે તેમજ દ્વિપક્ષ પ્રથાની શોધના માર્યા ભાજપમાં ઠરવા કરતા હોય એમની કને આવો મૂલગ્રાહી વિવેક નયે હોય.

'રુદ્રવીણાનો ઝંકાર' ભાનુ અધ્વર્યુનો, ચંદુ મહેરિયાની જહેમતથી આવી મળેલો મળતાં મળે એવો કોલમસંગ્રહ છે. દલિત વંચિત, પીડિતશોષિત જાગૃતિનો, સરજાતા સમયનો એક અરસાનો એ આલેખ છે. અહીં રમેશચંદ્રને જુહાર પાઠવતે પાઠવતે તે સંભારવાનું નિમિત્ત એ છે કે '૮૧-'૮૫ના અનામત વિરોધી આંદોલનોમાં જે દલિત અસ્મિતાનો સાક્ષાત્કાર થયો એનો પ્રારંભિક સર્જનાત્મક ધક્કો, આગલો દસકો ઊતરતે આવેલી અગનફૂલ જેવી પત્રિકા 'આક્રોશ'માં પ્રકાશિત રચનાઓનો છે. નીરવ પટેલ, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી અને બીજાઓ તે લઈને આવ્યા હતા. એક અર્થમાં, આ પ્રક્રિયાનું યોજકત્વ ને નેતૃત્વ ગુજરાતના પેન્થર પ્રમુખની હેસિયતથી રમેશચંદ્રનું હતું. રચના અને સંઘર્ષનો, ન્યાયી સમાજ માટેનો જે કાવ્યસ્વર એમાં ભાનુભાઈએ રુદ્રવીણાનો ઝંકાર નોંધ્યો હતો. શીલભદ્ર સમાજ માટેની મથામણ, છેવટે તો, કશો એક રુદ્રઝંકાર અને ટંકાર પણ ખસૂસ માગી લે છે, એમ જ ને!

અંજલિ તો હૃદ્ગત રમેશચંદ્રને બીજી શી હોય, સિવાય કે વાલજીભાઈ પટેલ અને માર્ટિન મેકવાનથી માંડીને રાજુ સોલંકી, જિજ્ઞેશ મેવાણી અને રાહુલ પરમાર સહિતનું સમગ્ર દલિત નેતૃત્વ ઉના નિમિત્તે એક રહી 'પર્ટિક્યુલર' ને 'જનરલ'નો મેળ પાડવાનો ઉજમ કરે. **પ્ર.ન.શા.**

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2015-2017valid upto 31st December-2017 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

## નિસબત

# 'ના' કેમ કહી?

## હિમાંશી શેલત

**હજી** તો 'પિન્ક' ફિલ્મના મુખ્ય મુદ્દાની પ્રશંસા ચાલે છે ત્યાં જ દિલ્હીમાં કરુણા નામની શિક્ષિકાની ધોળે દિવસે કાતરથી સત્તાવીશ ઘા મારીને હત્યા કરવામાં આવે છે. કાતર નથી બંદૂકની ગોળી કે નથી તલવારનો ગળાકાપ ઘા. એટલે પેલો આદિત્ય નામનો ખૂની ઉપરાછાપરી ઘા કરે છે. વાર લાગી હશે એટલું નક્કી, રસ્તા પર લોકો હશે તે પણ હકીકત. કોઈ આગળ ન આવ્યું. એક ઝનૂનીને કાબૂમાં લાવવા કેટલાં જણ જરૂરી હોય? પાંચ, દસ? દિલ્હીમાં, એ ચોક્કસ વિસ્તારમાં, એટલાંયે ન મળ્યાં?

હવે ચિંતા માત્ર કરુણાની સલામતીની કે આદિત્યના જીવલેણ ગાંડપણની જ નહીં, આ દેશની પ્રજાના વલણનીયે કરવાની. પોતાને કામે જતી એક યુવતીનો પીછો પકડી એને મારી નાખવાની ક્રૂરતાનું કારણ એવું કે યુવતીએ આ છોકરાને 'ના' કહી હતી. પુરુષના માલિકીભાવને પગલે, એના ભયાનક અહંકારને પરિણામે, સ્ત્રીએ જીવનથી હાથ ધોઈ નાખવાના આવે એ વાસ્તવિકતા સામે શું કરીશું આપણે?

કરુણાની ઘટના પહેલી નથી. આ પહેલાં 'ના' સાંભળવા ન ટેવાયેલા, અને માત્ર એ કારણે આક્રમક બનીને ખૂન કરવા ધસેલા માતેલા પુરુષોની સંખ્યા ઓછી નથી. ખૂન કરવું, એસિડ છાંટવો કે બળાત્કાર કરવો – આ બધું વરવા, ગંદકીથી ખદબદતા પુરુષ માનસમાંથી બહાર આવે છે. આ પુરુષો કંઈ અભણ અને ગુંડાગર્દીમાં રચ્યાપચ્યા રખડતા જીવો નથી. એ પણ ભણેલા, ક્યાંક નોકરી કરતા, અને ઠીકઠાક લાગતા સામાન્ય માણસમાં ખપી જાય તેવા હોય છે. એમની ખાસિયત કહો તો તે એટલી કે કોઈ સ્ત્રી એમને 'ના' પાડે તો એમનું લોહી તપી જાય છે. એ એવા તો બત્રીસ લક્ષણા બહાદુરો છે કે સ્ત્રીની 'ના'થી એમને મસ્તક વઢાયાની પીડા થાય છે. શૌર્ય અને મહત્તા દેખાડવા માટેનો એમને એક જ માર્ગ ફાવે છે અને તે છે 'ના' પાડનાર સ્ત્રીને શિક્ષા કરવાનો.

આ ઘટનામાં તેમ જ આ પ્રકારની આગળની ઘટનાઓમાં ફરિયાદ કરવામાં આવી છે. પોલીસે ફરિયાદ નોંધી તો ખરી પણ કાર્યવાહીમાં સ્ત્રીની પાછળ પડેલા માથાભારે જણને સમજાવીને સમાધાનો કરાવ્યાં. પરિણામે થોડા સમય પછી પરિસ્થિતિ એવી જ રહે અને એમાં એક નવો વળ ચડ્યો હોય, ફરિયાદ કેમ કરી! સ્ત્રીની આ મજાલ કે લાખેણા ગાદીપતિ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવે?

મૂળ પ્રશ્ન માનસિકતાનો છે. પુરુષોના કાન 'ના' ખમી શકે એવા બને તે માટે બાળપણથી જ કંઈક કરવું પડે. અભ્યાસમાં એવી સામગ્રી દાખલ કરવી પડે જેમાં કન્યાના અધિકારોની વાત વણાયેલી હોય. પ્રત્યેક માએ પુરુષ-સંતાનને ખાસ કેળવણી આપવાની રહે, ઘરમાં અને ઘર બહાર સ્ત્રીઓને આપવાના આદરની. આ મુદ્દો સતત અભિષેક માગે છે. નઠોર થયેલા માનસમાં, જડત્વના પડ ભેદીને, એ તત્કાલ નથી પ્રવેશવાનો. એનું પુનરાવર્તન અને રટણ અનિવાર્ય બનશે. એમાં કેટલા યુગ જોઈશે એની ખબર કોને છે?

પોલીસચોકીમાં ફરિયાદ નોંધાવી આવેલી સ્ત્રીને સુરક્ષા અંગે ભરોસો જાગે એવી વ્યવસ્થા આ દેશની મહિલાઓને ક્યારે મળશે તેનીયે ખબર નથી. અત્યાર સુધીની આવી ઘટનાઓમાં ફરિયાદ થઈ હોવા છતાં સ્ત્રીનો જીવ બચાવી શકાયો હોય, કે એના ઉપર થયેલો એસિડનો હુમલો ટાળી શકાયો હોય, એવું ભાગ્યે જ બન્યું છે. કાયદો વ્યર્થ, તંત્ર લાચાર, પ્રજા ડરપોક ને પુરુષો મદોન્મત્ત – ત્યારે મહિલાઓએ અલગ રાજ્યો માગવાનાં જ્યાં એ સલામતી અનુભવે?

પોતાનો પીછો પકડીને પરેશાન કરનાર બાબતે સ્ત્રી બેદરકાર રહી હોય, આવી ગુંડાગીરીને સામાન્ય ગણી એ થશે ખાસ વિચાર ન કર્યો હોય, તો એનોયે વાંક કાઢીએ, પણ ફરિયાદ કરવા છતાં પોલીસની અને પ્રજાની બેવડી નિષ્ક્રિયતાએ એણે જાન ગુમાવ્યો હોય ત્યારે શું? કરુણાના પરિવારના કહેવા મુજબ ફરિયાદ કરવા છતાં આદિત્ય સાથે સમાધાન થાય એવી પોલીસની દાનત હતી. 'ના' કહેવામાં જીવનું અથવા અન્ય પ્રકારનું જોખમ રહેલું છે એવો ડર સાથે સ્ત્રીને આ દેશમાં જીવવા વારો આવે એનાથી બદતર દશા કઈ?

આપણા સત્તાધીશોને 'સ્માર્ટ' સિટી બનાવવાનો ઉત્સાહ જે પ્રમાણમાં જાગે છે એવો મહિલાઓને પૂરી સલામતી આપવાનો, આદિત્ય વિશે જે થઈ એવી ફરિયાદો આવે ત્યારે પોલીસે તત્કાલ શું કરવું એની સઘન તાલીમ આપવાનો કેમ નથી જાગતો? સ્ત્રીઓ માટે અસુરક્ષિત એવી 'સ્માર્ટ' સિટી કેવી હશે?

સ્ત્રીઓ આર્થિક રીતે પગભર થવા ઝંખે એ વાજબી છે, અને આત્મનિર્ભરતા માટે આવશ્યક પણ. નોકરી માટે એણે ચાર દીવાલોની સલામતી છોડવી પડે એ દેખીતું છે. વળી અત્યારની કપરી ભીંસમાં બે જણની કમાણી કેટલાંયે કુટુંબો માટે અનિવાર્ય હોય છે. પાછળ પડેલા કોઈકને ડરાવી ધમકાવીને સ્ત્રીને સાફ 'ના' પાડી હોય ત્યારે એન માથે સતત જોખમ તોળાતું રહે એ સ્થિતિ કોઈ

*અનુ. પૃ. ૧૯ ઉપર*

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nirikshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com